RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર


MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 35, Dt.22-04-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર

## બીએસપીના ઉમેદવાર પ્યારેલાલ ભારતી સહિતના તમામ ૮ ઉમેદવારોએ આજે બપોરે ૩ વાગ્યા સુધીમાં ફોર્મ પરત ખેંચતાં સુરત લોકસભાની બેઠક પરના ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ જાહેર થયાઃ ગઈકાલે કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણીનું ફોર્મ રદ થયુ હતું





**મુખ્ય સમાચાર, સુરત**

આજે ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ૩ વાગ્યા સુધીમાં કેટલા ઉમેદવારો ચૂંટણી લડશે તે સ્પષ્ટ થશે. કારણ કે લોકસભા ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે. આ વચ્ચે હવે સુરતમાં ફરી હાઈવોલ્ટેજ ડ્રામા શરૂ થયો છે. ગઈકાલે સુરતમાં કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારી ફોર્મ રદ થયું હતું. ભાજપ સહિત કુલ ૯ ઉમેદવારો સુરત બેઠક પર મેદાનમાં હતા. જેમાં ૪ અપક્ષ અને ૪ વિવિધ પાર્ટીના ઉમેદવારો હતા. ભાજપ સિવાયના ૭ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા હતા. ત્યારે હવે બસપા ઉમેદવારે પણ ફોર્મ પરત ખેંચ્યું છે. કલેક્ટરે તેની પુષ્ટી કરી છે, પરંતુ ૩ વાગ્યા બાદ તેની સત્તાવાર જાહેરાત થશે.

સુરત બેઠક પરથી ૮ ઉમેદવારો પૈકી ૭ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી છે. જોકે સુરતમાં બસપા ઉમેદવાર અને પાર્ટીના પ્રમુખ પ્યારેલાલ ભારતીએ આજે ૨ વાગ્યા સુધી ફોર્મ પરત ખેંચ્યું ન હતું. બીજી તરફ પ્યારેલાલે કલેક્ટર અને એસપીને પત્ર લખીને પોલીસ સંરક્ષણ માંગ્યુ હતું. મુકેશ દલાલ બિનહરિફ થવાના સંકેત વચ્ચે પ્યારેલાલ સંપર્ક વિહોણા થયા હતા અને તેના ઘર પર તાળુ હતું. આ વચ્ચે અચાનક તે કલેક્ટર કચેરીએ દોડી આવ્યા છે. એવી ચર્ચા છે કે તેમણે ફોર્મ પરત ખેંચ્યું છે.સુરતમાં ભાજપે ઈતિહાસ રચ્યો છે. બસપા સહિતના તમામ ૮ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા સુરત લોકસભા બેઠક બિનહરીફ બની છે. લોકસભામાં ભાજપની પહેલી જીત થઈ છે. આ સાથે સુરત દેશની પહેલી બિનહરીફ બેઠક બની છે. આમ, ભાજપે મોટું ઓપરેશન પાર પાડીને ઈતિહાસ રચ્યો છે.

સુરત લોકસભાની ચૂંટણીમાં ગઈકાલે બપોર સુધી કોગ્રેસના ઉમેદવારના ફોર્મને લઇને ધમાચકડી ચાલ્યા બાદ સુરત જિલ્લા કલેકટરે કોંગ્રેસના નિલેશ કુંભાણી અને તેમના ડમી ઉમેદવારનુ ફોર્મ રદ કર્યું હતું. આ ફોર્મ રદ થતા જ ફોર્મ ચકાસણીની પ્રકિયા પણ પૂર્ણ થઈ છે. સુરત લોકસભાની ચૂંટણીના ૭૩ વર્ષના વર્ષના ઈતિહાસમાં આ વર્ષે ૧૮મી વખત યોજાનારી ચૂંટણી મતદારો, રાજકીય પક્ષો માટે હંમેશા એટલા માટે યાદ રહેશે કેમ કે ૭૩ વર્ષમાં મુખ્ય પક્ષ કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ ચૂંટણી અધિકારીએ રદ કર્યું છે. આ દિવસ કોગ્રેસ માટે કાળો દિવસ ગણાશે તેવો કાર્યકરોમાં ગણગણાટ થઈ રહ્યો છે. વર્ષ ૧૯૫૧થી ચૂંટણી યોજાઈ રહી છે અને ૨૦૧૯ સુધી ૧૭ વખત ચૂંટણી યોજાઈ તેમાં કોગ્રેસના ઉમેદવારો ચૂંટણી લડ્યા હતા. પરંતુ ૧૯૫૧ પછી પ્રથમ વખત એવુ બનશે કે કોગ્રેસનો ઉમેદવાર ચૂંટણી લડી શકશે નહીં. આ નામોશી માટે કોણ જવાબદાર? તે ચર્ચાનો વિષય બન્યો છે.

# કાળઝાળ મોંઘવારી વધારે માઝા મૂકે તેવા સંકેતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જીવનાવશ્યક ચીજોની મોંઘવારી હવે આમબાબત બની રહી છે. કોઈ પણ સમયે કોઈ એક કે બે જીવનાવશ્યક ચીજોના ભાવ આસમાની ઊંચાઈએ પહોંચે એવું હવે વારંવાર બની રહ્યું છે. ભારતમાં ખાદ્ય તેલોના ભાવ ૨૦૨૨-૨૩માં લાંબો સમય આસમાની ઊંચાઈએ હતા, ત્યાર બાદ હાલ દાળ-કઠોળના ભાવ આસમાની ઊંચાઈએ છે. ઘઉં-ચોખા સહિતનાં અનાજના ભાવ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારે લાંબો



સમય વધતા રહ્યા હતા. સરકાર કોઈ પણ પક્ષની હોય, વૈશ્વિક કારણો દિવસે-દિવસે હાવી બનતાં હોવાથી જીવનાવશ્યક ચીજોના ભાવ કાબૂમાં રાખવા હવે અશક્ય બની ગયું છે, છતાં પ્રજાને આભાસ થાય કે મોંઘવારીને દૂર કરવા સરકાર સક્રિય છે એ માટે સરકાર દ્વારા વિવિધ પ્રકારનાં દેખાવી પગલાં લેવામાં આવે છે, પણ એનાથી પ્રજાને ચીજો સસ્તી મળતી થાય એવું અત્યાર સુધી ક્યારેય બન્યું નથી. ઊલટું સરકારી પગલાંને કારણે વેપારીઓ અને ઉત્પાદકો દંડાય છે અને સરકારી બાબુઓ સરકારી પગલાંનો ગેરલાભ લઈને વેપારીઓ અને ઉત્પાદકોને દંડીને તોતિંગ કમાણી કરતા આવ્યા છે. ખેર, જીવનાવશ્યક ચીજોની મોંઘવારી હાલ સતત વધી રહી છે અને હજી આ મોંઘવારી કૂદકે ને ભૂસકે વધશે એવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. મોંઘવારીના વધારા માટે બે મહત્ત્વનાં કારણો છે : (૧) યુદ્ધનો માહોલ અને (૨) ગ્લોબલ વોર્મિંગના કારણે વાતાવરણમાં થઈ રહેલા ફેરફારો. આ બન્ને કારણોની અસરે જીવનાવશ્યક ચીજોની મોંઘવારી આગામી દિવસોમાં માઝા મૂકશે એવી શક્યતા દેખાય છે.

# ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં એપ્રિલમાં તાપમાન ૪૬ ડિગ્રીને આંબશે

## અડધુ ભારત હીટવેવમાં સપડાયુંઃ આવતા દિવસોમાં સૂર્યપ્રકોપ હજુ વધવાની આગાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ સહિત અડધુ ભારત એપ્રિલ મહિનામાં જ તપવા લાગ્યુ છે. ૧૩ રાજ્યોમાં તાપમાન ૪૦ ડીગ્રી સેલ્સીયસને પાર કરી ગયું છે. આમાં સૌથી ખરાબ હાલત ઝારખંડની છે. દિલ્હીમાં પણ ત્રણ દિવસ લૂ ચાલવાની આશંકા દર્શાવાઈ છે.

હવામાન વિભાગના અનુસાર શનિવારે ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર આંધ્રપ્રદેશ, તેલંગાણા, છતીસગઢ, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ગુજરાત, કેરળ અને તમિલનાડુના અનેક ક્ષેત્રોમાં લૂનો પ્રકોપ જોવા મળ્યો છે. ઓરિસ્સામાં લૂના કારણે એક ૬૨ વર્ષના વ્યક્તિનું મૃત્યુ થયું છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં હાલત વધુ બગડવાની ચેતવણી જાહેર કરી છે.



મહારાષ્ટ્રથી બંગાળ સુધી વધશે તાપમાનઃ હવામાન વિભાગે મહારાષ્ટ્રના આઠ અને બિહારના ૧૩ જિલ્લામાં લૂની ચેતવણી આપી છે. મહારાષ્ટ્ર, તેલંગાણા, છતીસગઢ, ઓરિસ્સા, તામિલનાડુ, પશ્ચિમ બંગાળમાં તાપમાન બે ડીગ્રી વધીને ૪૨-૪૪ ડીગ્રી થવાની સંભાવના છે.

તેલંગાણાના ૨૦ જિલ્લામાં લૂની ચેતવણીઃ ઝારખંડ, બિહાર, પુર્વી ઉત્તરપ્રદેશ, કેરળ, આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશમાં તાપમાન ૪૦-૪૨ ડીગ્રી સેલ્સીયસની વચ્ચે રહેવાનું અનુમાન છે. વિભાગે તેલંગાણાના ૨૦ જિલ્લામાં લૂ ચાલવાની ભવિષ્યવાણી કરાઈ છે. અહી યેલો એલર્ટ પણ જાહેર કરાયુ છે.

દિલ્હીમાં આવતીકાલે મંગળવારે અધિકતમ તાપમાન ૪૦ ડીગ્રીની પાર પહોંચી શકે છે. વિભાગના અનુસાર શનિવારે અધિક્તમ તાપમાન ૩૭.૨ ડીગ્રી નોંધાયું હતું. જયારે ન્યુનતમ તાપમાન ૨૩.૩ નોંધાયુંહતુ જે સામાન્ય તાપમાનથી બે ડીગ્રી વધુ છે.

આવી રહેશે સ્થિતિઃ ઓરિસ્સામાં ૨૦થી૨૩ એપ્રિલ વચ્ચે લૂની સ્થિતિ પ્રબળ થવાની સંભાવના છે. બંગાળમાં તા.૨૧-૨૩ દરમિયાન વધુ ગરમી આંધ્રપ્રદેશ, બિહાર, તેલંગાણા અને તમિલનાડુમાં તા.૨૦થી૨૩ એપ્રિલ દરમિયાન ભીષણ ગરમી રહેશે.

બિહારના ૨૦ શહેરોમાં ગરમી વધવાના એંધાણઃ બિહારમાં ઉત્તર-પશ્ચિમની હવાના કારણે અધિકતમ તાપમાનમાં એક ડીગ્રીનો વધારો થઈ રહ્યો છે. રાજયમાં શનિવારે શેખપુરા ૪૪.૧ ડિગ્રી સાથે સૌથી ગરમ રહ્યું હતું. જયારે રાજયના ૨૦ શહેરોમાં શનિવારે અધિકતમ તાપમાન ૪૦ ડીગ્રીને પાર રહ્યું હતું. એક-બે દિવસ સુધી અધિકતમ તાપમાનમાં એકથી બે ડીગ્રીની વૃદ્ધિ થવાની સંભાવના છે.

યુપીમાં કાશી સૌથી ગરમ રહ્યુંઃ ઉત્તરપ્રદેશમાં વારાણસી, લખનૌ, પ્રયાગરાજમાં તાપમાન વધી ગયુ છે. વારાણસી રાજયનું સૌથી ગરમ શહેર બન્યુ હતું. અહી તાપમાન ૪૩.૭ ડીગ્રી નોંધાયું હતું. પ્રયાગરાજમાં ૪૧ ડીગ્રી સેલ્સીયસ સુધી પારો પહોંચ્યો હતો.

# અયોધ્યા રામ મંદિરમાં પ્રવેશતા પહેલાં આકરી પરીક્ષામાંથી પસાર થવું પડશે

**મુખ્ય સમાચાર, અયોધ્યા**

અયોધ્યાના રામ મંદિરમાં પહોંચી રહેલા શ્રદ્ધાળુઓએ રામલલ્લાના દર્શન હવે સહેલાયથી નહીં થઈ શકે. આ માટે તેમણે પહેલા આકરી પરીક્ષામાંથી પસાર થવું પડશે, તે બાદ રામલલ્લાના દર્શન માટે એન્ટ્રી મળશે.

રામનવમી મેળા પછી ફરી આરતી અને દર્શન માટેના પાસમાં ગેરરીતીને રોકવા માટે પાસ ધારક શ્રદ્ધાળુઓને ત્રિસ્તરીય તપાસની વ્યવસ્થા પહેલી વખત લાગુ કરી દેવાઈ છે.આ તપાસ માટે પાસ ધારકોએ ઈસ્યૂ પાસના આઈડીને પોતાની સાથે લઈ જવાનું ફરજિયાત થઈ ગયું છે. પહેલા આ અનિવાર્ય ન હતું અને પાસ જોઈને શ્રદ્ધાળુઓને પ્રવેશ અપાતો હતો પરંતુ હવે પાસ ધારકની ખરાઈ કરવા તેમણે રોકીને પૂછપરછ કરવામાં આવે છે જે બાદ પ્રવેશ આપવામાં આવે છે.



પૂર્વ વ્યવસ્થાના કારણે સાઈબર ખેલાડી બીજાના આઈડી પ્રૂફ પર લોકોને મોકલીને વસૂલી કરી રહ્યાં હતા. ગત દિવસોમાં ધનરાશિને લઈને દર્શન કરાવવાના મામલે તપાસ થઈ તો આ પ્રકારના ચોંકાવનારા મામલાઓ પણ સામે આવ્યા.

આ કારણે આઈડી પ્રૂફની ખરાઈની વ્યવસ્થાને લાગુ કરી દેવાઈ છે. આ નવી વ્યવસ્થામાં એન્ટ્રી ગેટ પર સુરક્ષા કર્મી પહેલા પાસની સામાન્ય તપાસ કરીને પોતાના હસ્તાક્ષર કરી નક્કી કરેલી સંખ્યામાં શ્રદ્ધાળુઓને પ્રવેશ સુનિશ્ચિત કરાવે છે.

પુનઃ ફ્રીસિંક્ગ એરિયામાં યુપી પોલીસના અધિકારી પાસ ધારકના આઈડી પ્રૂફ માગી શકે છે. તેમના આઈડી પ્રૂફ સાથે પાસ ધારકના ચહેરાને મેચ કરાવવા ઉપરાંત પાસમાં સ્લોટનો સમય તેમજ તિથિની પણ તપાસ કરવામાં આવે છે. આ તપાસથી સંતુષ્ટિ બાદ જ અધિકારી પોતાના હસ્તાક્ષર કરે છે. ફ્રીસિંક્ગ એરિયામાં તપાસ બાદ ત્રીજી વખત ફરી પાસની સામાન્ય તપાસ થાય છે અને નિર્ધારિત શ્રદ્ધાળુઓની ગણતરી કરીને તેમણે આગળ જવા દેવામાં આવે છે.

# LPG ઘરેલુ ગેસ કનેક્શનનું દેશભરમાં થશે ફ્રી સુરક્ષા ચેકિંગ, 30 કરોડ ગ્રાહકો સુધી પહોંચવાનું લક્ષ્ય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકારી તેલ કંપનીઓ અને તેમના ડિસ્ટ્રિબ્યુટર્સ દ્વારા એક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં દેશભરમાં એલપીજી ઘરેલુ ગેસ કનેક્શનવાળા ઘરની મુલાકાત લઈને ગેસ કનેક્શનની ફ્રીમાં સુરક્ષા ચેકિંગ કરશે. જ્યારે પણ ડિલિવરીમેન અથવા મિકેનિક ગેસ સિલિન્ડરની ડિલિવરી કરવા માટે ગ્રાહકના ઘરે આવશે, ત્યારે તે ૮ સલામતી નિયમોની તપાસ કરશે અને ગ્રાહકને સલામતી અંગે માહિતગાર કરશે.



ઓલ ઈન્ડિયા એલપીજી ડિસ્ટ્રિબ્યુટર્સ ફેડરેશનના વડા ચંદ્ર પ્રકાશે જણાવ્યું હતું કે,' દિલ્હી અને દેશના અન્ય શહેરોમાં સુરક્ષા ચેકિંગ શરૂ થઈ ગઈ છે અને આગામી ૩-૪ મહિનામાં તમામ 30 કરોડ ઘરેલું ગેસ ગ્રાહકોના ઘર સુધી પહોંચવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. કોઈપણ આર્થિક લાભ વિના સુરક્ષા ચેકિંગ કરવામાં આવી રહી છે. તેનો એકમાત્ર હેતુ એ છે કે ગ્રાહકો એલપીજી કનેક્શનનો સુરક્ષિત ઉપયોગ કરી શકે. દુર્ઘટનાના કિસ્સામાં થર્ડ પાર્ટી ઈન્શ્યોરન્સમાંથી ક્લેમ લેવા માટે પણ આ ફરજિયાત છે.

ફ્રી સુરક્ષા ચેકિંગ દરમિયાન, જો કેસરી કલરની પાઈપ વાપરવા યોગ્ય ન હોય તો તેને બદલી શકાય છે, જે માત્ર રૂ. ૧૫૦/ (૧.૫ મીટર)ના ડિસ્કાઉન્ટ ભાવે ઉપલબ્ધ થશે. ડિલિવરીમેન ગેસ કનેક્શનના ઉપકરણોની પણ ચેકિંગ કરશે, જેથી કોઈપણ પ્રકારના લીકેજ વગેરેની શક્યતા ન રહે. નિયમ અનુસાર, દરેક ગ્રાહકના ગેસ ઈન્સ્ટોલેશન અને સાધનોની ફરજિયાત ૫ વર્ષ સુધી તપાસ કરવાવવી પડે છે, જેના માટે ગ્રાહકે પૈસા ચૂકવવા પડે છે. આ ચેકિંગ માટે ગ્રાહકે રૂ. ૨૦૦/- અને ૧૮% GST ચૂકવવો પેડ છે.

# 'જે લોકો મેદાન છોડીને ભાગ્યા હતા, તેઓ રાજસ્થાનથી રાજ્યસભામાં આવ્યા', પીએમ મોદીના સોનિયા ગાંધી પર પ્રહાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે (૨૧મી એપ્રિલ) રાજસ્થાનના જાલોરમાં જનસભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, 'જેઓ ચૂંટણી લડી શકતા નથી, ચૂંટણી જીતી શકતા નથી તેઓ મેદાન છોડીને ભાગ્યા હતા. આ વખતે તેઓ રાજસ્થાનથી રાજ્યસભામાં આવ્યા છે. કોંગ્રેસની હાલત ખૂબ જ ખરાબ છે.' નોંધનીય છે કે, કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી પણ રાજસ્થાનથી રાજ્યસભા માટે ચૂંટાયેલા સાંસદોમાં સામેલ છે.

કોંગ્રેસ પર પ્રહારો કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'દેશ કોંગ્રેસને તેમના પાપોની સજા આપી રહ્યો છે અને



જે પાર્ટી એક સમયે ૪00 સીટો જીતી હતી તે આ લોકસભા ચૂંટણીમાં 300 બેઠક પર ચૂંટણી લડવા અસમર્થ છે. પહેલા તબક્કાના મતદાનમાં અડધા રાજસ્થાને કોંગ્રેસને સજા આપી છે. દેશભક્તિથી ભરપૂર રાજસ્થાન જાણે છે કે કોંગ્રેસ ક્યારેય ભારતને મજબૂત નહીં બનાવી શકે. દેશ નથી ઈચ્છતો કે ૨૦૧૪ પહેલાની સ્થિતિ પાછી આવે.'

પીએમ મોદીએ કહ્યું કે તેમણે એક તકવાદી I.N.D.I.A. ગઠબંધન બનાવ્યું છે, તે એક પતંગ જેવું છે જેની દોરી ઉડતા પહેલા જ કપાઈ ગઈ છે. આ માત્ર નામનું ગઠબંધન છે, કારણ કે તેના ઘટક પક્ષો ઘણાં રાજ્યોમાં એકબીજા સામે લડી રહ્યા છે. આ લોકસભા ચૂંટણીમાં દેશમાં ૨૫ ટકા બેઠકો એવી છે જ્યાં આ ગઠબંધનના લોકો એકબીજાને ખતમ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે અને એકબીજા સામે ચૂંટણી લડી રહ્યા છે. ચૂંટણી પહેલા આટલી લડાઈ થઈ રહી છે તો ચૂંટણી પછી લૂંટ માટે તેઓ કેટલી લડાઈ કરશે તેની તમે કલ્પના કરી શકો છો. શું આપણે આટલો મોટો દેશ આ લોકોને સોંપી શકીએ?

ઉલ્લેખનીય છે કે, રાજસ્થાનમાં લોકસભાની ૨૫ બેઠક છે, ૧૨ બેઠક માટે પહેલા તબક્કાનું મતદાન ૧૯મી એપ્રિલે થયું હતું અને બાકીની ૧૩ બેઠક માટે બીજા તબક્કાનું મતદાન ૨૬મી એપ્રિલે યોજાશે.

# ઘઉંનો સ્ટોક ૧૬ વર્ષમાં સૌથી નીચી સપાટીએ


## ફૂડ કોર્પોરેશનના ડેટા અનુસાર, ૧ એપ્રિલના રોજ કેન્દ્રીય સ્ટોકમાં ૭૫ લાખ ટન ઘઉંનો સ્ટોક જે ગયા વર્ષે ૮૩.૫૦ લાખ ટન હતોઃ ભાવને કાબૂમાં રાખવા ભરાયેલાં પગલાંની સીધી અસર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના સેન્ટ્રલ પૂલમાં ઘઉંનો સ્ટોક ૧૬ વર્ષમાં સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. છેલ્લા બે વર્ષમાં ઘઉંના ઉત્પાદનમાં થયેલા ઘટાડા વચ્ચે સરકારે ઘઉંના ભાવને નિયંત્રણમાં રાખવા માટે સ્થાનિક બજારમાં ઘઉંનો પુરવઠો વધાર્યો છે. તેની સીધી અસર સેન્ટ્રલ પૂલમાં ઘઉંનો સ્ટોક પર જોવા મળી છે.

ફૂડ કોર્પોરેશનના ડેટા અનુસાર, ૧ એપ્રિલના રોજ કેન્દ્રીય સ્ટોકમાં ઘઉંનો સ્ટોક ૭૫ લાખ ટન હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૮૩.૫૦ લાખ ટન હતો, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. છેલ્લા દાયકામાં કેન્દ્રીય સ્ટોકમાં ૧ એપ્રિલના રોજ ઘઉંનો સરેરાશ સ્ટોક ૧૬૭ લાખ ટન હતો.

સરકારે ભાવને અંકુશમાં રાખવા માટે



ગયા વર્ષે રેકોર્ડ ૧૦૦ લાખ ટન ઘઉંનું વેચાણ કર્યું હોવાથી ઘઉંનો સ્ટોક ઘટયો છે. ઘઉંનો પુરવઠો નબળો હોવા છતાં, ભારત સરકારે આયાતને પ્રોત્સાહન આપવા માટે ઘઉં પરની ૪૦ ટકા ડ્યુટી હટાવીને રશિયા જેવા દેશમાંથી તેની આયાત કરવાનો વિરોધ કર્યો હતો.

આયાત કરવાને બદલે, સરકારે લોટ મિલો અને બિસ્કિટ ઉત્પાદકો જેવા મોટા ગ્રાહકોને સ્ટોકમાં રહેલા ઘઉંનું વેચાણ કર્યું હતું. સરકારી સ્ટોકમાંથી મોટી માત્રામાં ઘઉંનું વેચાણ કર્યા પછી પણ સરકારે તેનો સ્ટોક બફરથી નીચે જવા દીધો નથી. સરકારે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો કે ઘઉંનો સ્ટોક ૧૦૦ લાખ ટનથી નીચે ન જાય. કેન્દ્ર સરકારના બફર નિયમો અનુસાર, ૧ એપ્રિલે ઘઉંનો સ્ટોક ૭૪.૬ લાખ ટન કે તેથી વધુ હોવો જોઈએ.

સરકારે આ વર્ષે ખેડૂતો પાસેથી ૩૦૦ થી ૩૨૦ લાખ ટન ઘઉં ખરીદવાનું લક્ષ્ય નક્કી કર્યું છે જેથી કરીને આગામી સિઝનમાં ઘઉંનો સ્ટોક બફર ધોરણથી ઉપર રહે. ભારત સરકાર વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં ઘઉંની ખરીદીના લક્ષ્યાંકને પૂર્ણ કરી શકી નથી કારણ કે ભારે ગરમીને કારણે ઘઉંનું ઉત્પાદન ઘટયું હતું. રશિયા-યુક્રેન યુદ્ધને કારણે વૈશ્વિક ઘઉંનો પુરવઠો નબળો પડવાને કારણે નિકાસની માંગમાં વધારો થતાં ભારતે ૨૦૨૨માં ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. જો સરકાર જરૂરી જથ્થામાં ઘઉં ખરીદવામાં નિષ્ફળ જાય તો તે ડ્યૂટી ફ્રી ઘઉંની આયાત કરવાનું વિચારી શકે છે.

# સચાણામાંથી દરેડના શખ્સને જામગરી બંદૂક સાથે એસઓજીએ પકડયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પંથકમાં ગેરકાયદે હથિયાર પકડવાનો સિલસિલો અવિરત ચાલુ રહયો છે. તાજેતરમાં એક શખ્સને હથિયાર સાથે ઝડપી લીધા પછી સચાણા વિસ્તારમાંથી ગેરકાયદે જામનગર બંદૂક સાથે નીકળેલા એક શખ્સને એસ.ઓ.જી. શાખાએ ઝડપી લીધો છે.મૂળ લાલપુર તાલુકા ના સણોસરા ગામનો વતની અને હાલ દરેડ વિસ્તારમાં રહેતો સદામ ઇબ્રાહીમભાઈ કાતીયાર નામનો શખ્સ પોતાના કબજામાં ગેરકાયદે દેશી હાથ બનાવટની જામગરી બંદૂક રાખીને સચાણા વિસ્તારમાં ફરી રહ્યા છે, તેવી ચોક્કસ બાતમી ના આધારે



એસ.ઓ.જી.ની ટુકડએ દરોડો પાડ્યો હતો.જે દરોડા દરમિયાન સચાણા ગામ તરફ જવાના રસ્તેથી એસ.ઓ.જી. ની ટીમના હાથે સદામ ઝડપાઈ ગયો હતો. તેના કબજા માંથી દેશી બંદુક કબ્જે કરી લીધી છે, અને તેની સામે પંચકોષી એ. ડિવિઝન પોલીસ મથકમાં હથિયારધારા ભંગ અંગેનો ગુનો દાખલ કરાવ્યો છે.

# મોરબી કરણીસેના લડી લેવાના મૂડમાં !

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નજીક આવેલ મધુપૂર ગામે કરણીસેના દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લાના ક્ષત્રિય સમાજના હોદ્દેદારો સહિત યુવાનો હાજર રહ્યા હતા તેમજ પરસોત્તમભાઈ રૂપાલા વિરુદ્ધ આગળની રણનીતિ ની વાત કરતા કરણીસેના ના અધ્યક્ષ જયદેવ સિંહ જાડેજા એ જણાવ્યું હતું કે આગામી ચૂંટણી માં ૨૬ બેઠક પર હવે ભાજપ વિરુદ્ધ મતદાન કરવામાં આવશે તેમજ અન્ય જ્ઞાતિને પણ ભાજપ વિરુદ્ધ મતદાન કરવા માટે પ્રોત્સાહીત કરવામાં આવશે કારણ કે વારંવાર વિનંતી કરવા છતાં ભાજપે પરસોતમ રૂપાલા ની ટિકિટ રદ કરી નથી જેનું પરિણામ આગામી દિવસોમાં જોવા મળશે તેમજ જો રૂપાલા જીતી જશે તો પહેલો ઘા રૂપાલા પર જયદેવસિંહ જાડેજા





જિલ્લા કરણીસેના અધ્યક્ષ કરશે અંતમાં જણાવ્યું હતું તેમજ આ બેઠકમાં જિલ્લાભર માંથી ક્ષત્રિય સમાજના આગેવાનો ની હાજરી જણાઈ હતી આ લડાઈ હવે આરપાર ની હોવાનું ક્ષત્રિય સમાજે જણાવ્યુ હતુ તેમજ આવનારા દિવસોમાં ભાજપ હવે તૈયારી માં રહે કારણ કે રૂપાલા ની ટિકિટ રદ ન કરતા ભાજપ પક્ષ માં એટલો દોષિત છે જેટલો પરસોતમ રૂપાલા છે અંતમાં જયદેવસિંહ જાડેજાએ જણાવ્યું હતું

# ગોંડલ તાલુકામાં આઈ.સી.ડી.એસ ઘટક દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## મતદાન મારો અધિકાર અચૂક મતદાન કરીશનો સંકલ્પ

**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** લોકસભા ૨૦૨૪ ની ચૂંટણી અન્વયે સ્વીપ અંતર્ગત વિવિધ કાર્યક્રમો દ્વારા જાગૃત થઈને અચૂક મતદાન કરે તે માટે આઇ.સી.ડી.એસ વિભાગ દ્વારા વિવિધ પ્રયાસો કરવામા આવી રહ્યા છે.

ગોંડલ તાલુકા ના આંગણવાડી વર્કર બહેનો દ્વારા મતદાન જાગૃતિ કેમ્પ તાલુકા પંચાયત ખાતે યોજાયો હતો જેમા ગોંડલ તાલુકાના આઇ.સી.ડી.એસ ઘટક ૧ ના હારે સંકળાયેઈલા લાભાર્થીઓને જાગૃતિ સંદેશ પહોંચાડવા મા આવેલ હતો.

મતદાન જાગૃતિ અભિયાન રાજકોટ જિલ્લા કલેક્ટર રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ગોંડલ પ્રાંત અધિકારી ના માર્ગ દર્શન અન્વયે થી તાલુકા વિકાસ અધિકારી મિલન ઉકાવાલા, બાળ વિકાસ યોજના અધિકારી સોનલ બેન



વાળા ગોંડલ આઇ.સી.ડી.એસ ઘટક તમામ સ્ટાફ અને આંગણવાડી વર્કર બહેનો રંગોળી બનાવી ને મતદાન વધુ મા વધુ થાય લોકો મા જાગૃતિ લાવવા માટે સપથ લેવામા આવ્યા હતા લોકસભા ચૂંટણી ૨૦૨૪ વધુ મતદાન થાય તે હેતુ થી જાગૃતિ કેમ્પ આયોજન કરવામા આવ્યો હતો લોકો ને જાગૃત કરવામા આવી રહ્યા છે કે આવો સૌ સાથે મળીને સંકલ્પ કરીએ અચૂક મતદાન કરીશ.

# મોરબી જીલ્લામાં ચૂંટણી તંત્ર સાથે બેઠક કરી કામગીરીની સમીક્ષા કરતા જનરલ ઓબ્ઝર્વર તથા ખર્ચ નિરીક્ષક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી:રાજકોટ સંસદીય મત વિસ્તાર માટેના જનરલ ઓબ્ઝર્વર ભવાનીસિંહ દેથા તેમજ ખર્ચ નિરીક્ષક માધવચંદ્ર મિશ્રાએ મોરબી જીલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા ચૂંટણી તંત્ર સાથે બેઠકનું આયોજન કરી કામગીરીની સમીક્ષા કરી હતી.

તમામ નોડલ ઓફિસર સાથે યોજાયેલ આ બેઠકમાં જનરલ ઓબ્ઝર્વર ભવાનીસિંહ દેથા તેમજ ખર્ચ નિરીક્ષક માધવચંદ્ર મિશ્રાએ મટીરીયલ મેનેજમેન્ટ, વિવિધ ટ્રેઈનીંગ સેશન, આદર્શ આચારસંહિતા અને ફરિયાદોના નિકાલ, હિટ વેવને પગલે મતદારો માટેની વ્યવસ્થાઓ, સવિશેષ મતદાન મથકો અને ત્યાં ઊભી કરવામાં આવેલી વ્યવસ્થાઓ, વધુમાં વધુ મતદાન થાય તે માટેના જાગૃતિ કાર્યક્રમ, રેન્ડમાઈઝેશન, સિરામિક સહિત ઉદ્યોગમાં કામ કરતા રાજ્ય અને જીલ્લા બહારના શ્રમયોગી માટે સવેતન રજા, SST, FST, VVT, VST સહિત ટીમને તાલીમ તેમજ કાર્યક્ષમ કામગીરી સહિતનાઓ મુદ્દાઓની સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત શાંતિપૂર્ણ વાતાવરણમાં ન્યાયી અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તે રીતે દરેકે પોતાની જવાબદારી સમજી કામગીરી કરવાનું તેમણે તમામ અધિકારી તથા કર્મચારીઓને જણાવ્યું હતું. નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુલદીપસિંહ વાળા દ્વારા નિરીક્ષકને રાજકોટ સંસદીય મતવિસ્તારમાં મોરબી જીલ્લાનો વિસ્તાર તેમજ ચૂંટણી અંતર્ગત જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલ વિવિધ કામગીરીથી વાકેફ કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.બી. ઝવેરી, ખર્ચ નોડલ અને જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, નિવાસી અધિક કલેકટર એસ.જે. ખાચર, ખઈઈ નોડલ અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.એસ. ગઢવી, તાલીમ



નોડલ અને જીલ્લા પુરવઠા અધિકારી સંદિપ વર્મા, વાંકાનેર પ્રાંત અધિકારી સિધ્ધાર્થ ગઢવી, નાયબ કલેકટર સુબોધકુમાર દુદખીયા, નાયબ જીલ્લા વિકાસ અધિકારી એન.ડી. કુગસિયા, ચૂંટણી મામલતદાર જાવેદ સિંધી તેમજ અન્ય નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર લોકસભા બેઠક માટે ૨૧ ઉમેદવારોના ફોર્મ માન્ય, ચકાસણીમાં ૩ ફોર્મ અમાન્ય

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ૧૨-જામનગર લોકસભા બેઠકની ચૂંટણી માટે ભરાયેલા કુલ ૨૪ નામાંકન માંથી ૨૧ ઉમેદવારી ફોર્મ માન્ય રહ્યા છે. જ્યારે ૩ ફોર્મ અમાન્ય રહ્યા છે.જે ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે તેમાં ભારતીય જનતા પાર્ટીના પુનમબેન હેમતભાઈ માડમ, ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના એડવોકેટ જે.પી.મારવિયા, બહુજન સમાજ પાર્ટીના જયસુખભાઈ નથુભાઈ પિંગલસુર, વીરો કે વીર ઇન્ડિયન પાર્ટીના રણછોડભાઈ નારણભાઈ કણજારીયા, ભારતીય સમતા સમાજ પાર્ટીના રઘુવીરસિંહ અનોપસિંહ ગોહિલ, રાષ્ટ્રીય મહાસ્વરાજ ભૂમી પાર્ટીના પરેશભાઈ પરસોત્તમભાઈ મુંગરા તેમજ અપક્ષના ૧૫ ઉમેદવારો જેમાં અનવરભાઈ નુરમામદ સંઘાર, કલ્પેશભાઈ વિનોદરાય આશાણી, યુસુફભાઈ સિદિકભાઈ ખીરા, ખોડાભાઈ જીવરાજભાઈ નકુમ, અલારખાભાઈ ઇશાકભાઈ ઘુઘા, જયરાજસિંહ કિરીટસિંહ ગોહિલ, નદીમભાઈ મહમદભાઈ હાલા, કરશનભાઈ જેશાભાઈ નાગશ, નાનજીભાઈ અમરશીભાઈ બથવાર, રફીકભાઈ અબુબકર પોપટપુત્રા, બાબુભાઈ જેઠાભાઈ ગોહિલ, ભુરાલાલ મેઘજીભાઈ પરમાર, પત્રકાર રામકૃષ્ણ નભેશંકર રાજ્યગુરૂ, પુંજાભાઈ પાલાભાઈ રાઠોડ, વિજયસિંહ પ્રવીણસિંહ જાડેજાનો સમાવેશ થાય છે.

જે ઉમેદવારોના ફોર્મ અમાન્ય ઠર્યા છે તેમાં બહુજન સમાજ પાર્ટીના દામજીભાઈ નાજાભાઈ સૌંદરવાનો સમાવેશ થાય છે. તેમજ વૈકલ્પિક ઉમેદવાર હોવાથી ભારતીય જનતા પાર્ટીના બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના વૈકલ્પિક ઉમેદવાર વિરેન્દ્રસિંહ ટેમુભાના ફોર્મ રદ થયા છે. ઉલ્લેખનીય છે કે ઉમેદવારીપત્રો પરત ખેંચવાની અંતિમ તારીખ ૨૨ એપ્રિલ છે. હાલની સ્થિતિએ જામનગર બેઠક પર ૨૧ ઉમેદવારો છે.

# જામનગર સંસદીય મતવિસ્તાર માટે ૩ ઓબ્ઝર્વરોની નિમણૂંક કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

લોકસભા સામાન્ય ચૂંટણી શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં યોજાય તે હેતુથી ભારતીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની કાર્યવાહી પર દેખરેખ રાખવા જામનગર સંસદીય મતવિસ્તાર માટે જનરલ ઑબ્ઝર્વર તરીકે હસમત અલી યાતો (આઇએએસ) પોલીસ ઑબ્ઝર્વર તરીકે ઉત્તપલકુમાર નાસ્કર ( આઇપીએસ) અને ખર્ચ ઑબ્ઝર્વર તરીકે અવિજિત મિશ્રા (આઇઆરએસ)ની નિમણુક કરવામાં આવી છે. આ ઓબ્ઝર્વરો દ્વારા જામનગર જિલ્લા સેવા સદન ખાતે સભાખંડમા ચૂંટણીલક્ષી કામગીરી અંગેની




સર્વગ્રાહી સમીક્ષા બેઠકનું આયોજન કરી જિલ્લામાં થયેલી ચૂંટણી સંબંધિત સમગ્ર કામગીરીની માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા. ઓબ્ઝર્વરો દ્વારા પોલિંગ સ્ટેશનની વિગતો, જિલ્લાના મતદારો, જિલ્લામાં કાર્યરત ચેક પોસ્ટ, ઇવીએમ, વિવીપેટની ફાળવણી, ઇવીએમ સ્ટોરેજની વ્યવસ્થા, ઇવીએમ રૂટ તથા ઇવીએમ સંબંધીત સુરક્ષા વ્યવસ્થા, મતદાન મથકો ખાતે પોલીસ સ્ટાફની ફાળવણી, ચૂંટણી સ્ટાફની તાલીમ, ચૂંટણી અંગે વાહનોની ફાળવણી, સ્ટ્રોંગ રૂમ વ્યવસ્થા, મતદાન જાગૃતિ કાર્યક્રમો, ઓનલાઈન ફરિયાદો અને તેના નિવારણ તથા કાયદો વ્યવસ્થા સહિતની બાબતોની સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યા હતા. તેઓએ લોકો અને ખાસ કરીને યુવાઓ વધુમાં વધુ મતદાન કેરે તે પ્રકારે મતદાન જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજી વધુમાં વધુ મતદાન થાય તે દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું. ચૂંટણી સંબંધિત ફરિયાદ અને રજૂઆત માટે રૂબરૂ મળશે જામનગર સંસદીય મતવિસ્તારમાં ચૂંટણીને લગતી કોઈપણ ફરિયાદ કે રજૂઆત માટે ઓબ્ઝર્વરોને નાગરિકો રૂબરૂ મળી શકશે.તદઉપરાંત જનરલ ઓબ્ઝર્વરના (૯૦૨૩૩ ૮૦૩૪ ૧), પોલીસ ઓબ્ઝર્વર (૮૭૯૯૧ ૩૬૦૪૪) અને ખર્ચ ઓબ્ઝર્વર (૮૧૬૦૯ ૧૬૫૧૯) ઉપર ફોન કરી મંજૂરી મેળવ્યા બાદ રૂબરૂ મળશે. તેઓ લાલબંગલો સર્કલમાં આવેલા સર્કિટ હાઉસના રૂમ નં. ૨, ૩, ૬માં નાગરિકોને રૂબરૂ મળી શકશે.

# મોરબીમાં ઓરપેટ ફેક્ટરી ખાતે ૨૦૦૦ મહિલાઓએ માનવ સાંકળ રચી આપ્યો મતદાન જાગૃતિનો સંદેશ


## ‘કામદારો મતદાન કરશે, મોરબી મતદાન કરશે’: ‘કરીશું મતદાનમાં મોટી ભાગીદારી, અમે છીએ ગુજરાતની નારી’

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી:ચૂંટણી એટલે લોકશાહીનો પર્વ. મતદાન દ્વારા જ્યારે દેશનું આવતા પાંચ વર્ષનું ભાવિ નક્કી થતું હોય છે ત્યારે લોકો વધુને વધુ મતદાન કરે તે માટે મતદાન જાગૃતિના અનેક પ્રયોજનો યોજવામાં આવતા હોય છે. ત્યારે મોરબી નજીક ૬૬-ટંકારા વિધાનસભા મતવિસ્તારમાં આવેલ અજંતા ઓરપેટ ફેક્ટરી ખાતે ૨૦૦૦ જેટલી મહિલા કર્મચારીઓ દ્વારા મોરબી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી કે.બી.ઝવેરીની પ્રેરક ઉપસ્થિતિમાં માનવ સાંકળ રચી મતદાન જાગૃતિ માટે અનન્ય પ્રયાસ કરવામાં આવ્યો હતો. સક્ષમ નારી શક્તિ મતદાન જાગૃતિમાં પણ અગ્રેસર છે તેવું આ મહિલા કામદારોએ મતદાન જાગૃતિ








માટે માનવ સાંકળ રચી તેમાં "WORKERS WILL VOTE, MORBI WILL VOTE' એવું લખી લોકોને વધુને વધુ મતદાન કરવા પ્રેરિત કર્યા છે.

આગામી ૭ મેના રોજ સમગ્ર ગુજરાતમાં લોકસભાની ચૂંટણી અંતર્ગત મતદાન યોજનાર છે. ત્યારે વધુને વધુ મતદાન થાય તે માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મતદાન જાગૃતિના આ પ્રયાસ અંતર્ગત મોરબી જિલ્લામાં પણ મહિલાઓએ અનન્ય પ્રયાસ થકી મતદાન જાગૃતિનો સંદેશ પાઠવ્યો છે. લોકોને મતદાન કરવા પ્રેરિત કરતી આ મહિલા શક્તિનો એક જ સૂર હતો કે, ‘કરીશું મતદાનમાં મોટી ભાગીદારી, અમે છીએ ગુજરાતની નારી’. મોરબી જિલ્લામાં મતદાનની ટકાવારી વધે અને નાગરિકો હોંશે હોંશે મતદાનની ફરજ પૂર્ણ કરે તે માટે અજંતા ઓરપેટ ફેક્ટરીની ૨૦૦૦ જેટલી મહિલાઓએ માનવ સાંકળ રચી મોરબી જિલ્લાના નાગરિકોને મતદાન જાગૃતિનો સંદેશ આપ્યો છે તેમજ દરેક નાગરિકને મતદાન કરવા અનુરોધ પણ કર્યો છે.

જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે.બી. ઝવેરી, ખર્ચ મોનિટરીંગ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.એસ. પ્રજાપતિ, નાયબ કલેકટરશ્રી સુબોધકુમાર દુદખિયા, સ્વીપ નોડલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી નમ્રતાબેન મહેતા, ટંકારા મામલતદારશ્રી કેતન સખિયા અને અજંતા ઓરપેટના અધિકારી/કર્મચારીઓએ મહિલાઓના આ પ્રયોજનમાં ઉપસ્થિત રહી મહિલાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# મોરબીની સાર્થક વિદ્યામંદિર સ્કૂલ દ્વારા કરવામાં આવેલ ‘વૈદિક પેરેન્ટીંગ’ સેમિનારને મળ્યો બહોળો પ્રતિસાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં આવેલ સાર્થક વિદ્યામંદિર સ્કૂલમાં વૈદિક પેરેન્ટીંગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈદિક પેરેન્ટીંગ એટલે બાલ ઉછેરમાં માતાપિતાના કર્તવ્યો સમજાવતું કે બોધ કરાવતું વૈદિક સંબંધીત વિજ્ઞાન. વૈદિક પેરેન્ટીંગમાં વેદ,ઉપનિષદો તથા ગીતા જેવા દાર્શનિક ગ્રંથો તેમજ આની સાથે સાથે આયુર્વેદિક તથા જ્યોતીષ શાસ્ત્રના અને તંત્ર ગ્રંથો જેવા વિભિન્ન ગ્રંથોનો સન્મય કરી તેમાની એક રૂપરેખા તૈયાર કરી સરળ ભાષામાં સમજી શકાય તેવીરીતે મુદ્દાસર તે રીતે તૈયાર કરેલ અર્થબોધ. જો ટૂંકમાં કહેવામાં આવે તો આપણામાં રહેલી શક્તિઓ અને ક્ષમતાઓને ઓળખી તેનો ઉપયોગ તમારા બાળકોના ઉછેરને સરળ અને સહજતાથી કરી શકો તે વિશે સમજાવતું વિજ્ઞાન એટલે વૈદિક પેરેન્ટીંગ. ત્યારે મોરબીની સાર્થક વિદ્યામંદિર તેમજ સંસ્કૃતિ આર્ય ગુરુકુળ રાજકોટ દ્વારા વૈદિક પેરેન્ટીંગ સેમિનારનું આયોજન કરવાના આવ્યું હતું.



વૈદિક પેરેન્ટીંગ સેમિનારમાં સંસજરૂટી આર્ય ગુરુકુળ રાજકોટના આચાર્ય મેહુલભાઉ દ્વારા બાળકોના અન્નમય કોષ અને પ્રાણમય કોષ વિકાસના તબક્કા, બાળકોના અન્નમય કોષના વિકાસ માટે સાત્વિક અન્ન નું મહત્વ તેમજ પ્રાણમય કોશના વિકાસ માટે નિયમો, સહનશીલતા અને સ્વાવલંબન બાળકોને વ્યવહાર દ્વારા કેવી રીતે શીખવવા તેની વિસ્તારથી સમજૂતી આપવામાં આવી હતી. તેમજ વૈદિક પેરેન્ટિંગના ૧૦૦ સૂત્ર છે જે મનોવિજ્ઞાન આધારે લખાયેલા છે, તે માતા પિતાએ સમજવા ખૂબ જરૂરી છે, તે વાતની અનુભૂતિ થઈ અભિભાવકતા કરાવી હતી.

વધુમાં સેમિનાર કાર્યક્રમના અંતે ઉપસ્થિત માતાપિતા દ્વારા અલગ અલગ મુદ્દાઓ તથા વૈદિક પેરેન્ટીંગને સમજવા માટેની પ્રશ્નોત્તરી થઈ હતી, અંતમાં કાર્યક્રમની પુર્ણાહુતી સમયે સાર્થક વિદ્યામંદિરના આચાર્ય કિશોરભાઈ શુક્લ દ્વારા સમાપન વક્તવ્ય આપ્યું હતું. ત્યારે આ જ્ઞાનસભર કાર્યક્રમ ખૂબ પ્રેરણાદાયી બન્યો હતો.

# મોરબી જારીયા પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહમાં પત્રકારોનું સન્માન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

સદભાવના હોસ્પિટલ નજીક આવેલ બોયઝ હાઇસ્કૂલના ગ્રાઉન્ડમાં તારીખ ૧૭ એપ્રિલ થી ૨૩ એપ્રિલ સુધી જારીયા પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથા ચાલી રહી છે.આ કથાનું શ્રવણ કરવા વિવિધ સામાજિક, રાજકીય આગેવાનો અને સંતો-મહંતો પધારી રહ્યા છે. ત્યારે આ ભાગવત સપ્તાહમાં જારિયા પરિવાર દ્વારા ન્યુઝ ૧૮ ગુજરાતી ના રીપોર્ટર અતુલભાઈ જોષી,ફૂલછાબ ના પત્રકાર સુરેશભાઈ ગોસ્વામી,ગુજરાત ફર્સ્ટ ન્યુઝ ચેનલ ના રિપોર્ટર ભાસ્કરભાઈ જોષી,અબ તક અને



દિવં ૩ ના રિપોર્ટર ઋષિભાઈ મહેતા,પત્રકાર અલ્પેશભાઈ ગોસ્વામી,ન્યુઝ કેપિટલ રિપોર્ટર ડેનીશભાઈ દવે,અબતકના રિપોર્ટર રાકેશભાઈ પંડ્યા,મોરબી મીરર રિપોર્ટર હર્ષભાઈ જાની નુ સન્માન કરવામાં આવ્યું હતું.

# મોરબી બી ડિવિઝન પોલીસે અલગ અલગ બે સ્થળેથી વિદેશી દારૂની બોટલ સાથે બે ઈસમોને ઝડપી લેવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી બી ડિવિઝન પોલીસ ટીમ સામાકાંઠા વિસ્તારમાં મહેન્દ્રનગર ચોકડી નજીક પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન સ્વસ્તિક બિઝનેસ હબ તથા જીયાન પ્લાઝા પાસેથી એમ બે અલગ અલગ સ્થળેથી વિદેશી દારૂની એક-એક બોટલ સાથે બે યુવકોને ઝડપી લેવામાં આવ્યા હતા.

જેમાં મહેન્દ્રનગર ચોકડીથી આગળ સ્વસ્તિક બિઝનેસ હબ પાસેથી પાસ પરમીટ કે આધાર વગર વિદેશી દારૂની સ્કોચ-વ્હિસ્કીની એક બોટલ સાથે આરોપી હરદેવભાઇ રસીકભાઇ પઢીયાર ઉવ.૩૫ રહે. મોરબી નિલકંઠ રેસીડન્સી સેન્ટમેરી નવલખી રોડને જયારે મહેદ્રનગર ચોકડીથી આગળ આવેલ જીયાન પ્લાઝા સામેથી આરોપી કરણભાઇ મનસુખભાઇ ડાભી ઉવ.૨૫ રહે. મોરબી નિલકંઠ રેસીડન્સી સેન્ટમેરી સ્કુલ પાસે નવલખી રોડ પાસેથી વિદેશી દારૂની એક બોટલ સાથે પોલીસે ઝડપી લેવાયો હતો. હાલ મોરબી બી પોલીસે અલગ અલગ જગ્યાએથી પકડાયેલ બંને આરોપીઓ સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણના રામેશ્વર મંદિર ખાતે આગામી તા.૨૪ના શિવ પુરાણ એકાદશ જ્ઞાન યજ્ઞનું આયોજન

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણ શહેરના ગોખલાણા રોડ ઉપર આવેલ બ્રહ્મલીન દિગંબર કામેશ્વર ગીરીબાપુ ગુરુ મહંત શ્રી સેવાગીરી બાપુ ની જગ્યા શ્રી રામેશ્વર મંદિર ખાતે ગામ સમસ્ત શિવ મહાપુરાણ કથા યજ્ઞનું આયોજન ચૈત્રવદ ૧ ને બુધવાર તારીખ ૨૪ ૪ ૨૦૨૪ ના રોજ સવારે ૯:૦૦ કલાકે પુજ્ય કામેશ્વર ગીરી બાપુ ની મૂર્તિ ની શોભાયાત્રા પોથીયાત્રા શહેરના મોટા રામજી મંદિરેથી નીકળશે તેમજ વ્યાસપીઠ પરથી બિરાજમાન શાસ્ત્રી શ્રી રાજેન્દ્ર પ્રસાદ વ્યાસ રંઘોળા વાળા તેમની મધુર શૈલીમાં કથાનું રસપાન કરાવશે કથા મહાત્મા નવદુર્ગા કથા મંત્ર શ્લોક શક્તિ શિવ પ્રાગટ્ય કથા પાર્વતી કથા વિવાહ કથા રામકથામાં શિવજી દર્શન ૧૨ જ્યોતિર્લિંગ તથા કૃષ્ણ કથામાં શિવજી દર્શન ગોપેશ્વર



ધામ રૂહી કથા તીર્થધામ નદી કથા વિરામ તારીખ ૪ ૫ ૨૦૨૪ ને શનિવાર દશાંક હોમ કથા વિરામ દશામાનો હવન યોજાછે આ કથા શ્રવણનો લાભ લેવા અનેક રાજકીય સામાજિક વેપારિક ઔદ્યોગિક આગેવાનો ઉપરાંત ગામ સમસ્ત આયોજન હોય જેથી સર્વ ધર્મ પ્રેમી જનતાને શિવકથાનો લાભ લેવા રામેશ્વર મંદિરના મોભી ભરતભાઈ છાયણી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ઓખા-પુરી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ ડિવિઝન પર કાઝીપેટ-વિજયવાડા સેક્શનમાં નોન ઇન્ટરલોકિંગ કામ ને કારણે ઓખા-પુરી-ઓખા એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રુટ પર દોડશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

૧) ૧, ૮ અને ૧૫ મે ના રોજ ઓખા થી ચાલતી ટ્રેન નં ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વર્ધા - બલ્હારશાહ - વિજયવાડા - વિશાખાપટ્ટનમ - ખુર્દા રોડ ના સ્થાને તેના ડાયર્વટ કરાયેલ માર્ગ વાયા વર્ધા - નાગપુર - રાયપુર - ટિટિલાગઢ - રાયગઢ - વિજયનગરમ - ખુર્દા રોડ ના માર્ગ પર દોડશે. આ ટ્રેન ચંદ્રપુર - બલ્હારશાહ - સિરપુર કાગઝનગર - મંચિર્યાલ - રામગુંડમ - વારંગલ - વિજયવાડા - એલુરુ - રાજામુંદ્રી - સામલકોટ - અનકાપલ્લી - વિશાખાપટ્ટનમ સ્ટેશનો પર જશે નહીં.

૨) ૨૮ એપ્રીલ , ૫ અને ૧૯ મે ના રોજ પુરી થી ચાલતી ટ્રેન નં ૨૦૮૧૯ પુરી - ઓખા એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ ખુર્દા રોડ - વિશાખાપટ્ટનમ - વિજયવાડા - બલ્હારશાહ - વર્ધા ના સ્થાને તેના ડાયર્વટ કરાયેલ માર્ગ વાયા ખુર્દા રોડ - વિજયનગરમ - રાયગઢ - ટિટિલાગઢ - રાયપુર - નાગપુર - વર્ધા ના માર્ગ પર દોડશે. આ ટ્રેન વિશાખાપટ્ટનમ - અનકાપલ્લી - સામલકોટ - રાજમંદ્રી - એલુરુ - વિજયવાડા - વારંગલ - રામગુંડમ - મંચિર્યાલ - સિરપુરકાગઝનગર - બલ્હારશાહ - ચંદ્રપુર સ્ટેશનો પર નહીં જાય.ટ્રેનોના સ્ટોપેજ, રચના, રૂટ અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# રાજકોટ લોકસભા મત વિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીની પદયાત્રા








**રાજકોટ લોકસભા મત વિસ્તારના કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સંયુકત ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે સવારે જયુબેલી બાગ ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાને વંદન કરી પોતાની પદયાત્રા જયુબેલી બાગથી પલંગ ચોક સોરઠીયાવાડી સુધી સવારના સમયમાં કરી હતી. જયારે બપોર બાદ તેઓની સ્કુટર રેલી યોજાવાની છે. આજે યોજાયેલી પદયાત્રામાં કોંગ્રેસના વશરામ સાગઠીયા સહિતના અગ્રણીઓ જોડાયા હતા.**

(તસ્વીરઃ આનંદ જાવિયા)

# ગુરૂવારથી ત્રણ દિવસ રાજકોટમાં યોગની ગંગા વહેશેઃ પતંજલિ યોગપીઠ હરિદ્વારના મુખ્ય કેન્દ્રીય પ્રભારી સ્વામી ડો.પરમાર્થદેવજી શિબિરનું સંચાલન કરશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી ગુરૂવારથી રાજકોટમાં તારીખ ૨૫ /૨૬/ ૨૭ એપ્રિલ ત્રણ દિવસ યોગની ગંગાનુ અવતરણ થઈ રહ્યું છે. પતંજલિ યોગપીઠ હરિદ્વારના મુખ્ય કેન્દ્રીય પ્રભારી તેમજ સ્વામી રામદેવજી મહારાજ ના અતિ કૃપાપાત્ર શિષ્ય સ્વામી ડો,પરમાર્થદેવજી રાજકોટમાં ન્યુ ગાંધીનગર સોસાયટીના મેદાનમાં ત્રણ દિવસની યોગ શિબિરનું સંચાલન કરશે .આ અંગે ભારત સ્વાભિમાન ટ્રસ્ટ ગુજરાત પ્રાંતના પ્રભારી શ્રી લક્ષ્મણભાઈ પટેલ માહિતી આપતા જણાવે છે કે સ્વામી ડો,પરમાર્થદેવજી જેવા યોગ અને આયુર્વેદ તથા ભારતીય શિક્ષણના નિષ્ણાત રાજકોટ પધારી રહેલ છે ત્યારે રાજકોટની આરોગ્ય અને યોગપ્રિય પ્રજાજનો ને ત્રણ



દિવસ ની યોગ શિબિરમાં સ્વામીજી યોગ જીવનનો સાર છે પ્રાકૃતિક આહાર જીવનનું અમૃત છે એ યુક્તિ નું જ્ઞાન પીરસશે. આ શિબિર દરરોજ સવારે ૬ થી ૭:૩૦ નાના મવા મેઇન રોડ પર આવેલા શાસ્ત્રીનગર પાછળની ન્યુ ગાંધીનગર સોસાયટી શેરી નંબર ૧૦ ના હજારોની સંખ્યામાં સાધકો યોગ કરી સકે તેવા વિશાળ સાર્વજનિક પ્લોટ માં યોજાશે, જેમાં સૌને સહ પરિવાર મિત્ર વૃંદ સાથે આ અમૂલ્ય અવસર નો લાભ લેવા નિમંત્રણ છે..,વિશેષ આ દિવ્ય અને ભવ્ય યોગ શિબિર માં ગુજરાત યોગ બોડ નાં તરવરિયા ચેરમેન આદરણીય શિશપાલજી ઉપસ્થિત રહે છે

ઉપરોક્ત સ્વાસ્થ્ય અને શિક્ષણ સેવા યજ્ઞ આયોજન ને સફળતા માટે ભારત સ્વાભિમાન, પતંજલિ મહિલા સમિતિ,યુવા ભારત, પતંજલિ યોગ સમિતિ,કિસાન સેવા સમિતિ, ગુજરાત યોગ બોડ નાં હોદે દારો કર્મઠ કાર્ય કરતા યોગ, સહયોગ શિક્ષક શ્રી ઓ, યોગ કોચ શ્રી ઓ યોગ ટ્રેન શ્રી ઓ માં નાં શ્રી દિપક ભાઈ તળાવિયા,ભાવિકભાઈ ખૂંટ, યોગ ગુરુ કિશોરભાઈ પઢિયાર, નટવરસિંહ ચોહાણ, રજનિભાઈ ધમસાનીયા, હિતેશભાઇ કાચા, હરસદ યાજ્ઞિક, નવનીત કેસરિયા, નિશાબહેન ઠુંમર, ગીતાબહેન સોજીત્રા, અલ્પાબહેન પારેખ,વંદનાબહેન, પદ્માબેન રાજ,નિતાબેન મહેતા, પ્રફુલાબેન દાવડા,પૂનમબેન કટારીયા, શોભનાબેન, અમીબેન, ભાવનાબેન ગામી,શિલ્પાબેન ગમઢા, રસિલાબેન ઢોલરિયા,,ખભે ખભા મિલાવી જહેમત ઉઠાવી રહેલ છે

# કાંતા સ્ત્રી વિકાસ ગૃહ રાજકોટ ખાતે ''સખી બૂથ'' બનાવી મોક ચૂંટણી યોજી વિદ્યાર્થીનીઓએ આપી સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની માહિતી

## દિકરીઓ જ આર.ઓ., પોલિંગ, પ્રિસાઈડીંગ ઓફિસર બની ચૂંટણીમાં સહભાગી થઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને રાજકોટ જિલ્લામાં ''સ્વીપ'' દ્વારા વિવિધ નવતર પ્રયાસો હાથ ધરી વિદ્યાર્થીઓ,યુવાનો,વડીલો સૌને ચૂંટણીમાં મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. ત્યારે રાજકોટની કાંતા સ્ત્રી વિકાસ ગૃહ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા સખી બુથ રચી મતદાન મથક પરની કાર્યપ્રણાલી રજૂ કરવામાં આવી હતી.

આ સમગ ચૂંટણીમાં વિદ્યાર્થીનીઓ જ બી.એલ.ઓ., આર.ઓ, પોલિંગ ઓફિસરો,પ્રિસાઈડીંગ ઓફિસર, ઉમેદવાર અને મતદાતા બન્યા હતા. બાલિકાઓ દ્વારા જ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા યોજવામાં આવી હતી, જે જાણે સાચી ચૂંટણી હોય તેમ તાદ્રશ્ય થતી હતી. દરેક પોતાના હોદ્દા અને તેની કામગીરી વિશે વાકેફ હતા તેમજ તેમણે અન્ય બાળકોને પણ તેમની કામગીરી વિશે વિસ્તારપૂર્વક સમજણ પૂરી પાડી હતી. આ સાથે વિદ્યાર્થી તેમજ શિક્ષકશ્રીઓએ મતદાર જાગૃતિ અંગે કવિતા/સ્લોગન રજુ કર્યા હતા.


આ કાર્યક્રમમાં મદદનીશ મતદારશ્રી, નોંધણી અધિકારીશ્રી અને મામલતદારશ્રી રાજકોટ શહેર દક્ષિણ ઉપસ્થિત રહ્યા હતા તેમજ તેઓ દ્વારા લોકશાહીમાં દરેક મતના મહત્વ વિશે સૌને માહિતી આપવામા આવી, મહિલાઓ તથા યુવાઓને ખાસ મતદાન કરવા-કરાવવા અપીલ કરવામાં આવી હતી.


સાથે જ ૬૮ - વિધાનસભા પૂર્વમાં એસ.વી.વિરાણી હાઈસ્કૂલ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને મતદાનથી વાકેફ કરી પોતાના વાલીઓને મતદાન કરવા પ્રેરણા આપવા સમજૂત કરવામાં આવ્યા હતા તેમ, અધિક કલેક્ટર અને સ્વીપના નોડલ શ્રી જિજ્ઞાસાબેન ગઢવી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# લીંબાણી પરિવાર દ્વારા શ્રી દાડમાદાદાની જગ્યા નવી હળીયાદ ખાતે ૨૪મીથી શ્રીમદ્દ ભાગવત કથાનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લીંબાણી પરિવારના ઇષ્ટદેવ શ્રી દાડમા દાદાની જગ્યા નવી હળીયાદ તા. બગસરા ખાતે આગામી તા. ૨૪ થી ૩૦ એપ્રિલ સુધી શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરાયુ છે. જેના વ્યાસાસને શાસ્ત્રીશ્રી જોગીદાદા પી. વ્યાસ બીરાજી દરરોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩થી ૬ કથામૃતનું રસપાન કરાવશે. કથા દરમિયાન આવતા વિવિધ પ્રસંગોની ભાવભેર ઉજવણી કરાશે. જેમાં તા. ૨૭ ના શનિવારે બપોરે ૧૨ વાગ્યે શ્રીરામ






જન્મ અને સાંજે ૫.૩૦ વાગ્યે શ્રી કૃષ્ણ જન્મ ઉત્સવ ઉજવાશે. તા. ૨૯ ના સાંજે ૫ કલાકે રૂક્ષ્મણી વિવાહનો પ્રસંગ મનાવાશે. દરરોજ સવારે ૭.૩૦ કલાકે દેવ પૂજા થશે. કથા પૂર્ણાહુતિના દિવસે તા. ૩૦ ના મંગળવારે દશાંશ હવન રાખેલ છે. કથા દરમિયાન રાત્રે પણ વિવિધ કાર્યક્રમો આયોજીત કરાયા છે. જેમાં તા. ૨૫ ના ગુરૂવારે રાત્રે ૯.૩૦ વાગ્યે રાસ ગરબાની રમઝટ, તા. ૨૭ના શનિવારે રાત્રે ૧૦ વાગ્યે સુરશ્યામ કાનગોપી ગ્રુપ જગાભાઈ આહીરનો કાનગોપી કાર્યક્રમ, તા. ૨૯ ના સોમવારે રાત્રે ૧૦ વાગ્યે આઈશ્રી ખોડીયાર નાટક મેંડળ દ્વારા 'બાબરો ભૂત' નાટક રજુ થશે. ધર્મપ્રેમીજનોએ કથા શ્રવણનો લાભ લેવા વિઠ્ઠલભાઈ લીંબાણી (મો.૯૫૩૭૮ ૭૮૪૮૪), વિનુભાઇ લીંબાણી (મો.૯૯૭૯૪ ૩૯૯૭૨) દ્વારા જાહેર નિમંત્રણ પાઠવાયુ છે.

## ચાલો ચાલો સૌ મતદાન કરીએ દેશનો આ રૂડો અવસરના ચૂકીએ

# જસદણ વિધાનસભા મતવિસ્તારમાં મતદાન જાગૃતિ અભિયાન યોજાયું

## સેલ્ફ હેલ્પ ગ્રુપની બહેનોએ ઓબ્ઝર્વર્સ માટેની ફાઈલો પર રજૂ કરી ચિત્રકલાઃ વિદ્યાર્થિનીઓ, પોલીસ કર્મીઓ, આરોગ્ય કર્મીઓ સહિતના કર્મયોગીઓએ અચૂક મતદાનના શપથ ગ્રહણ કર્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત દેશના લોકશાહીના રૂડા અવસરમાં સૌ દેશવાસીઓ સહભાગી બને તે માટે દેશભરમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જેમાં જસદણ તાલુકાની આટકોટની નર્સિંગ કોલેજ, ૭૨-જસદણ વિધાનસભાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, તાલુકા સેવા સદન પોલીસ સ્ટેશન અને વાંકાનેરની શ્રી એચ.એન.દોશી કોલેજમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરાયું હત્તું.


૭૨-જસદણ વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ કમળાપુર ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મીઓ, જસદણ તાલુકા સેવા સદનના કર્મીઓ અને પોલીસ સ્ટેશનના કર્મીઓએ મતદાન કરવા અને કરાવવા લોકોને અપીલ કરી હતી. આટકોટની નર્સિંગ કોલેજ ખાતે લેમ્પ લાઈટિંગ અને ઓથ ટેકિંગ સેરેમનીમાં વિદ્યાર્થીઓએ, તેઓના માતા - પિતા તથા કોલેજના સ્ટાફે અચૂક મતદાન કરવાના શપથ ગ્રહણ કર્યા હતા. વાંકાનેરની શ્રી એચ.એન. દોશી કોલેજ ખાતે સિગ્નેચર ડ્રાઈવનું આયોજન કરાયું જેમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ સાઈન બોર્ડ પર હસ્તાક્ષર કરીને મતદાન માટે લોકોને પ્રેરિત કરાયા હતા.

દેશના અવસરને રૂડો બનાવનાર અને સતત કાર્યરત એવા ઓબ્સર્વરશ્રીઓ માટે સેલ્ફ હેલ્પ ગ્રુપની બહેનોએ પોતાના હસ્તે ફાઈલો પર વારલી ચિત્રકલા બનાવીને ચૂંટણીના પર્વ પર ખાસ ભેટ આપી હતી.

# માંગરોળમાં મધદરિયે અચૂક મતદાનનો સંકલ્પ

## જૂનાગઢ જિલ્લાના માંગરોળનાં દરિયાની અંદર મતદાન જાગૃતિનો કાર્યક્રમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને યોજાયોઃ મધદરિયે મતદાનના શપથ, ફિશિંગ બોટમાં મતદાન જાગૃતિના સ્ટીકર લગાવાયાઃ મોટી સંખ્યામાં નગરજનોની ઉપસ્થિતિ



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લાના માંગરોળનાં દરિયાની અંદર એટલે કે, મધદરિયે ફિશિંગ બોટમાં મતદાન જાગૃતિનો કાર્યક્રમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલ રાણાવસિયા અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં નગરવાસીઓએ તા.૭મી મે એ અચૂક મતદાન કરવાના શપથ લીધા હતા.

આમ, મતદાન જાગૃતિની વ્યાપક બની રહેલ ઝુંબેશમાં સાસણના જંગલોમાં ફરતી જીપ્સી બાદ માંગરોળના સમુદ્રમાં ફરતી ફિશિંગ બોટમાં પણ મતદાન જાગૃતિના સ્ટીકર લગાવાયા હતા.

આ ઉપરાંત માંગરોળમાં સોમનાથ ભવન ખાતે પણ મતદાર જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ખારવા સમાજની બાળાઓએ રજૂ કરેલ મતદાર જાગૃતિનાં ગરબાએ પણ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. આ સાથે માંગરોળના આગેવાનોને મતદાન જાગૃતિનો બેઝ પહેરાવી મતદાનની અપીલ કરાઈ હતી.

આ તકે કલેકટરશ્રી અનિલ રાણાવસિયાએ કહ્યું હતું કે, ચૂંટણીની પ્રક્રિયા ખૂબ પારદર્શક રીતે થાય છે. ઈવીએમને રાજકીય પક્ષોની હાજરીમાં તેની ચકાસણી અને તેની ફાળવણી, તેની સુરક્ષા સાથે વિવિધ મતક્ષેત્રમાં મોકલવાનું, મોકપોલ, સ્ટાફની ફાળવણી સહિતની અનેક પ્રિક્રિયા ચોકસાઈપૂર્વક અને પારદર્શક રીતે થાય છે. ઉપરાંત મતદાન મથકોમાં કેમેરા લાગે છે જેનું મોનિટરિંગ દિલ્હી ચૂંટણી તંત્ર કરે છે. જેથી આમ, ચોકસાઈપૂર્વક મતદાનની પ્રક્રિયા મતદારોને ભરોસો થાય તે રીતે થાય છે. સમગ્ર દુનિયા આપણી ચૂંટણીઓ જોવા આવે એવી ઉદાહરણરૂપી કામગીરી ચૂંટણી તંત્ર દ્વારા થાય છે. ત્યારે તા.૭ મે ના મતદારો પણ વધુને વધુ મતદાન કરવું જોઈએ. ભાઈઓની સાથે મહિલાઓ પણ મતદાન અચૂક કરે તેવો અનુરોધ છે.

આ તકે જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાને માંગરોળમાં તમામ મતદારોને તા.૭નાં લોકસભાની ચૂટણીમાં મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

આ તકે પ્રાંત અધિકારીશ્રી હિરલ ભાલાળા, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી નીતાબેન વાળા, એજ્યુકેશન ઇન્સ્પેક્ટર વિપુલભાઈ ઘુંચલા, ખારવા સમાજના પ્રમુખશ્રી પુરુષોત્તમભાઈ ખોડાવા, મહાવીર માછીમારી કો-ઓપરેટીવ સોસાયટીના પ્રમુખશ્રી દામોદરભાઈ ચામુંડીયા, બોટ એસોસિએશનના પ્રમુખશ્રી ખીમજીભાઈ પરમાર, આચાર્યશ્રી વાળા, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, આગેવાનો, વિદ્યાર્થીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી વાઢેર આભાર વિધિ કરી હતી

# જામનગર જિલ્લા અનુસુચિતજાતિ સમાજ દ્વારા રાજકોટના યુવકની કસ્ટોડિયલ ડેથની તપાસ હાઈકોર્ટના સીટીંગ જજ મારફતે કરાવવા માંગ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સમસ્ત દલિત સમાજ જિલ્લા અનુસુચિતજાતિ સમાજ દ્વારા રાજકોટ ખાતે માલવિયાનગર પોલીસ સ્ટેશનના જવાબદાર પોલીસવાળા દ્વારા કોઈપણ વાંક ગુના વગર, FIR દાખલ થયા વિના, આંબેડકરનગરમાં રહેતા હમીર ઉર્ફે ગોપાલ દેવજી રાઠોડ અનુસુચિતજાતિ(દલિત) સમાજના નવલોહીયા યુવાનને જવાબદાર પોલીસ દ્વારા ગેરકાયદે ઉઠાવી પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખી કોઈપણ પ્રકારના ગુના વગર,ઉઠાવી જઈ, પીડિત યુવાનના ઘરના સભ્યોને જાણ કર્યા વગર પોલીસ સ્ટેશનના જવાબદારોએ આ પીડિત યુવાનને બર્બરતાપૂર્વક, આડેધડ, બેરહેમીપૂર્વક માર મારી પોલીસ સ્ટેશન અંદર મોતને ઘાટ ઉતારી દીધેલ છે.

આ બનેલ બનાવથી ગુજરાત તેમજ ભારત રાષ્ટ્રમાં રહેતા અનુસુચિત જાતિ વર્ગ




દલિત સમાજમાં ભારે આક્રોશ જોવા મળે છે. બનેલ બનાવનો વિડિયો શોસિયલ મીડિયામાં દેખાઈ આવે છે. સદરહુ બનેલ બનાવની તલસ્પર્શી ઉંડાણપૂર્વક તપાસ થવા માટે પોલીસ સ્ટેશનમાં લગાવેલ તમામ સીસીટીવી કેમેરા કબ્જે કરી જે જગ્યા પરથી પોલીસ દ્વારા મૃત્યુ પામેલ, ભોગ બનનાર પીડિત યુવાનનું અપહરણ કરી પોલીસ સ્ટેશને લઈ ગયેલ તે જગ્યાના અલગ અલગ જગ્યાઓમાંથી વેપારી, દુકાનદારોએ લગાવેલ ઈઈઝટ કેમેરા તથા કેમેરાઓમાં થયેલ રેકોર્ડીંગ કબ્જે કરી સદરહુ બનેલ જઘન્ય હત્યા, બર્બરતાપૂર્વક, બેરહેમીથી ભોગ બનનાર પીડિત યુવાન અનુસુચિત જાતિનો હોય તેવું જાણવા છતાં એકથી વધુ પોલીસ આરોપીઓ હોય, જવાબદાર પોલીસોએ માર મારી મોતને ઘાટ ઉતારેલ છે તેની ઝીણવટભરી તપાસ નામદાર ગુજરાત હાઈકોર્ટેના સિટિંગ જજ સાહેબની રાહબરી હેઠળ કરાવવા સમસ્ત દલિત સમાજ,જામનગર જિલ્લા (અનુસુચિતજાતિ સમાજ) ની માંગણી છે આરોપીઓ જવાબદાર પોલીસના પોલીગ્રાફ ટેસ્ટ (નાર્કો ટેસ્ટ) કરાવવા લાઈવ ડિટેક્ટર ટેસ્ટ કરાવી, બ્રેન મેપીંગ કરાવી આરોપી પોલીસોને ન્યાયના દાયરામાં લાવી આજીવન મૃત્યુ પામે ત્યા સુધીની આજીવન સખ્ત કેદ અંતિમ શ્વાસ સુધીની સજા આપવા માંગણી કરવામાં આવે છે તેમજ ભોગ બનનાર નવયુવાનના કુટુંબીજનોને એક કરોડની સહાય અપાવવી તેમજ કુટુંબીજનોના પરિવારને નોકરી આપવા માંગણી છે. ઉપરોક્ત બનેલ બનાવની તાત્કાલિક કાર્યવાહી કરવા સમસ્ત દલિત સમાજ,જામનગર જિલ્લા (અનુસુચિતજાતિ સમાજ) ની માંગણી છે. જો ઉપરોક્ત સદરહુ માંગણીનો સ્વીકાર કરવામાં નથી આવે તો ગુજરાત રાજ્યથી માંડી ભારત રાષ્ટ્રના તમામ જીલ્લા - શહેરોમાં જન આંદોલન કરવાની ફરજ પડશે, તેમા જે કાઈ પરિણામ આવશે તેની સંપૂર્ણ જવાબદારી જે તે સરકારની રહેશે તે ધ્યાને લેશો. આમ સમસ્ત દલિત સમાજ,જામનગર જિલ્લા (અનુસુચિતજાતિ સમાજ.દ્વારા જામનગર જિલ્લા કલેકટરશ્રી મારફતે મુખ્યમંત્રીને આવેદન તથા ચીમકી ઉચ્ચારી હતી જેમાં સમસ્ત દલિત સમાજ,જામનગર જિલ્લા અનુસુચિતજાતિ સમાજ ના ગોવિંદભાઈ રાઠોડ. પરેશ વાઘેલા. અમિત પરમાર. મહેશ બાબરીયા. રમેશ પરમાર. ગૌતમભાઈ પરમાર. જે જુ ખીમસુરીયા. હરીશભાઈ સીંગરખીયા. લાલજીભાઈ ગોહિલ. વાઘેલા ગૌતમભાઈ. હીરાભાઈ પરમાર. વાઘેલા લક્ષ્મણભાઈ. દિનેશભાઈ વાઘેલા એમ હાજર રહ્યા હતા

## જામનગર બોધિસત્વ ટ્રસ્ટ દ્વારા

# જામનગરમાં UPSC/GPSC પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે ફ્રી સેમિનાર યોજાશે



**મુખ્ય સમાચાર, જામનગર**

GPSC/UPSC ૨૦૨૩ ની પરીક્ષા માં સિલેકટેડ અનુસૂચિત જાતિ નું ગૌરવ એવા આયુ.આકાશ ચાવડાનો સન્માન કાર્યક્રમ સાથે આવી પરીક્ષા ની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર જે સેમિનાર ને આકાશ ચાવડા પોતે સંબોધશે સાથે તૈયારી બાબતે સંપૂર્ણ માહિતી આ સેમિનાર માંથી મળી રહેશે.જેમાં વિદ્યાર્થીઓ અને પેરેન્ટ્સ ના તૈયારી ને લગતા પ્રશ્નો ની ચર્ચાઓ માટે પણ સમય આપવા માં આવશે

આ કાર્યક્રમ નો ઉદ્દેશ સમાજ ના વિદ્યાર્થીઓ ને તૈયારી અંગે માહિતી આપવા ની સાથે સાહેબે આકાશ ચાવડાએ ગર્વ ની અનુભૂતિ કરતો ક્ષણ આપણે ને પ્રદાન કર્યો છે જે બદલ જામનગર ના યુવાનો વડીલો આગેવાની તથા બોધિસત્વ ટ્રસ્ટ જામનગર દવારા આ આયોજન થયેલ છે જેમાં અન્ય જિલ્લા ના વ્યક્તિઓ પણ ને સન્માન આપવા કે શુભેચ્છા પાઠવવા માટે આવી શકશે.તારીખ :- ૨૪/૦૪/૨૦૨૪, સમય :- સાંજે ૬ થી ૯, આયોજક બોધિસત્વ ટ્રસ્ટ જામનગર, સ્થળ :- ડો.બાબા સાહેબ આંબેડકર ભવન સાત રસ્તા પેટ્રોલ પમ્પ પાસે જામનગર મો.૯૯૭૯૮૯૧૯૪૭.

# સામા કાંઠે સીતારામ સોસાયટીમાં ભાજપના કાર્યકરનું બેભાન થઈ જતા મોત

## કીટીપરામાં યુવાન પર છરી વડે હુમલોઃ લાભદિત સોસાયટીમાં બેભાન થઈ જતાં પૌઢનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે ભાવનગર રોડ પર આવેલા રાજમોતી મીલ પાછળ મયુર નગર મેઇન રોડ પર સીતારામ સોસાયટીમાં રહેતા ભાજપના કાર્યકરનું બેભાન હાલતમાં મોત નીપજતા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે.

અંગેની માહિતી મુજબ મયુર નગર મેઈન રોડ પર સીતારામ સોસાયટીમાં રહેતા અને ભારતીય જનતા પાર્ટીમાં સક્રિય કાર્યકર તરીકે કામ કરતા રત્નાભાઇ દેવશીભાઈ કાળોતરા નામનો રબારી યુવાન ગઈકાલે રાત્રિના પોતાના ઘરે હતા ત્યારે કોઈ કારણસર બેભાન થઈ જતા તેને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફતે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ જોઈ તપાસી મૃતક જાહેર કરતા રબારી પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી બના અંગેની જાણ થોરાળા પોલીસ ને કરવામાં આવતા પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી જાય પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

જ્યારે અન્ય એક બનાવમાં કીટીપરામાં રહેતો સંદીપ રાજનભાઈ કુવારીયા નામનો યુવાન ગોંડલ જેલ ચોક પાસે હતો ત્યારે કરણ નામના શકશે કોઈ કારણોસર ઝઘડો કરી છરી વડે હુમલો કરી પેટમાં ગંભીર ઇજા કરી નાસી જતા યુવાનને વધુ સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે જ્યારે ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ લાભ સોસાયટી શેરી નંબર પાંચમાં રહેતો અજય શ્યામ નારાયણ ગોસ્વામી નામનો યુવાન પોતાના ઘરે કોઈ કારણોસર બેભાન થઈ જતા તેને સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબો એ મૃતક જાહેર કર્યો હતો.

# નહેરૂનગરમાં વૃધ્ધાનો અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નાના મવા રોડ ઉપર આવેલા નેહરુનગરમાં માલ માલધારી ચોક પાસે રહેતા વૃદ્ધાએ કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ગળેફાંસો ખાઈ ખાઈ આપઘાત કરી લીધો હતો વૃદ્ધાના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં નાના મવા રોડ ઉપર નહેરૂનગર મેઇન રોડ ઉપર માલધારી ચોકમાં રહેતા કુંવરબેન પ્રભાતસિંહ મોરી નામના ૬૫ વર્ષના વૃદ્ધા પોતાના ઘરે હતા ત્યારે સવારના અગીયારેક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે જાણ થતા માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી વૃદ્ધાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો આ બનાવ અંગે માલવીયાનગર પોલીસ મથકના એએસઆઈ ડી.જે. ઝાલા સહિતના સ્ટાફે વૃદ્ધાના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસનો દોર લંબાવ્યો છે.

# ભાવનગર રોડ પર કારમાં ચોરખાનું બનાવી વિદેશી દારૂ લાવવાનું કારસ્તાન ઝડપાયું

## ડીસીપી ઝોન વન એલસીબી ટીમને મળેલ બાતમીના આધારે બે શખ્સોને દબોચી લઈ ૫૪ બોટલ વિદેશી દારૂ અને કાર સહિત ₹૧.૪૨ લાખનો મુદ્દામાલ કબજેઃ જામનગર રોડ પર ઘંટેશ્વર ચોકડી પાસે ૬૭,૦૦૦ ના દારૂના ચપલા સાથે બુટલેગર ઝડપાયો




**મુખ્ય સમાચાર રાજકોટ**

દેશભરમાં લોકસભાની ચૂંટણી પૂર્વે કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ ન થાય અને કાળા નાણા ની હેરાફેરી કે વિદેશી દારૂની હેરાફેરી ન થાય તે માટે પોલીસ અને ચૂંટણી પંચ દ્વારા જાહેર માર્ગો પર એક ઠેક ઠેકાણે સગન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હોય જેના કારણે રાજકોટ શહેરમાં બુટલેગરો દ્વારા દારૂનો ધંધો બંધ કરી દેવામાં આવ્યો હોય જેના પગલે પ્યાસીઓ માટે દારૂની અછત માં કમાઈ લેવાની લહાય મા બુટલેગર દારૂ ની ખેપ મારવાનું શરૂ કરતાં પોલીસની ઝડપે ચડી ગયા હતા પોલીસે બે અલગ અલગ સ્થળોએ રેડ કરી દારૂની બોટલો અને ચપલા સાથે ત્રણ શખ્સોને ઝડપી લઇ લાખોમાં મુદ્દા માલ કબજે કર્યો છે.

પ્રથમ બનાવમાં સેન્ટ્રો કારમાં સીટ પાછળ ચોરખાનું બનાવી રાજકોટમાં દારૂ ઘુસાડવાનું કારસ્તાન ચાલતું હોવાની હકીકત ડીસીપી ઝોન વન એલસીબી ટીમને મળતા પીએસઆઇ બીવી બોરીસાગર હેડ કોન્સ્ટેબલ વિજેન્દ્રસિંહ તથા જીતુભા તથા મનરૂખગીરી તથા હિતેશભાઈ પરમાર સહિતના સ્ટાફે ભાવનગર રોડ પર સીતારામ હોટલ પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન સેન્ટ્રો કાર નંબર લ્ષ ૨૧ ફી ૬૨ ૪૩ માં બે શખ્સો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા કારની સીટમાં બનાવેલા ચોર ખાનામાંથી ૫૪ બોટલ વિદેશી દારૂ મળી આવતા કાર નો ચાલક અફઝલ હુસેન શેખ રહે કોઠારીયા રોડ ભવાની ચોક શિયાણી નગર શેરી નંબર ૧ તથા અલ્તાફ હબીબ નકાણી રહે કોઠારીયા સોલ્વન્ટ રસુલપરા નામના બે શખ્સોને દબોચી લઈ કાર સહિત ₹૧.૪૨ લાખનો મુદ્દા માલ કબજે કરી ધોરણ છ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે અન્ય બનાવવામાં ક્રાઈમ બ્રાન્ચ ના પી.એસ.આઇ એ એસ ગરચર ની સુચનાથી કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા તથા હરપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ જામનગર રોડ પર ઘંટેશ્વર ચોકડી પાસે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન એસઆરપી કેમ સામે આવેલ વર્ધમાન નગર નાય એપાર્ટમેન્ટ મા રહેતો કેયુર નિતીન સંઘવી નામનો બુટલેગર શંકાસ્પદ રીતે નીકળતા તેને અટકાવી તલાસી લેતા વિદેશી દારૂના અલગ અલગ બ્રાન્ડના ચપલા રૂપિયા ૬૭,૨૦૦ ની કિંમત ના મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી ધોરણની કાર્યવાહી શરૂ કરી છે.

# નવી મામલતદાર કચેરી ખાતે યુવાન પર પૂર્વ પત્ની સહિત ત્રણનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સાધુવાસવાણી રોડ = ઉપર આવેલા આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતો યુવાન કાલાવડ રોડ ૧ ઉપર આવેલી નવી મામલતદાર કચેરી ખાતે હતો ત્યારે પૂર્વ પત્ની સહિત ત્રણ શખ્સોએ નજીવા પ્રશ્ને ઝઘડો કરી ઝપાઝપી કરી હતી. યુવાને ૫ જાનથી મારી નાખવાની ધમકી ૨ આપનાર ત્રણેય શખ્સો વિરુદ્ધ ૧ પોલીસ ચોપડે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે પોલીસમાંથી – જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આવેલા સાધુવાસવાણી – રોડ ઉપર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતો અને ડ્રાઇવિંગ કામ = કરતો મનીષ ગોવિંદભાઈ સોલંકી ૧ નામનો ૩૨ વર્ષનો યુવાન પોતાના પાંચ વર્ષના પુત્ર જયરાજ સાથે રાજકોટમાં કાલાવાડ રોડ ઉપર આવેલી નવી મામલતદાર કચેરી ખાતે હતો ત્યારે પૂર્વ પત્ની વર્ષાબેન, અવનીબેન અને અલ્પેશ રામાનુજ નામના ત્રણેય શખ્સોએ મનીષ સોલંકી સાથે ઝઘડો કરી બીભત્સ ગાળો ભાંડી હતી અને મનીષ સોલંકી સાથે ઝપાઝપી કરી હતી બાદમાં અલ્પેશ રામાનુજે મનીષ સોલંકીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે મનીષ સોલંકીએ પૂર્વ પત્ની વર્ષાબેન, અવનીબેન અને અલ્પેશ રામાનુજ વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પીએસઆઈ એચ.વી. પટેલ સહિતના સ્ટાફે ફરિયાદના આધારે ત્રણેય શખ્સો વિરુદ્ધ તપાસનો દોર લંબાવ્યો છે.

# ભગવતીપરાના પુલ નીચે પાણીપુરીના ધંધાર્થી બંધુ પર ચાર શખ્સોએ કર્યો છરી વડે હુમલો

## મફતમાં પાણી પુરી ખાવા આવેલાં શખ્સોને ના પાડતા હુમલો કરી રેંકડીમાં તોડફોડ કરીઃ બી.ડિવિઝન પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**




ભગવતીપરા વિસ્તારમાં રહેતા અને ભગવતીપરા પુલ નીચે પાણીપુરીની લારી ધરાવતા મૂળચંદસિંહ આંગલસિંહભાઈ કુશવા નામનો ૩૨ વર્ષનો યુવાન પોતાની લારીએ હતો ત્યારે સાજન પરમાર અને દિપક ઉર્ફે ડુચો ધસી આવ્યા હતા અને મૂળચંદસિંહ કુશવા સાથે નજીવા પ્રશ્ને ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે થવાયેલા મોનુ કુશવાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાહ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૂળચંદસિંહ કુશવા મૂળ મધ્યપ્રદેશનો વતની છે અને તેને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે મૂળચંદસિંહ કુશવા રાજકોટમાં ભગવતીપરા બાપા-સીતારામ પટેલે પુલ નીચે પાણીપુરીની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. અને પોતાની લારી લઈને જઈ રહ્યો હતો ત્યારે હુમલાખોર બંને શખ્સોએ પાણી પુરી માંગી ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. અને પાણીપુરીની લારીમાં તોડફોડ કરી હોવાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# દેવપરા પાસે એટીએમમાં રૂપિયા ઉપાડવા ગયેલાં વૃધ્ધનું કાર્ડ બદલી શખ્સે કરી રૂા.૩૫ હજારની ઠગાઈ

## શહેરમાં વયોવૃધ્ધ લોકોને શિકાર બનાવતી ગેંગ સક્રિયઃ પોલીસે નાળોદાનગરના વૃધ્ધની ફરિયાદ નોંધી ગઠીયાની શોધખોળ આદરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતા પ્રૌઢ એટીએમમાં પૈસા ઉપાડવા માટે ગયા હતા. ત્યારે એક અજાણ્યા શખ્સે મદદ કરવાના બહાને પ્રૌઢનું એટી એટીએમ કાર્ડ બદલી રૂ. ૩૫,૦૦૦ ઉપાડી લઈ છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર આવેલ નાળોદાનગરમાં રહેતા બાબુભાઈ ધરમશીભાઈ ગોહેલ (ઉ.વ.૪૫) દેવપરા રોડ ઉપર આવેલા એસબીઆઈ બેન્કના એટીએમમાં રૂપિયા ઉપાડવા માટે ગયા હતા તે દરમિયાન અજાણ્યા શખ્સે બાબુભાઈ ગોહેલને મદદ કરવાના બહાને બાબુભાઈ ગોહેલનું એટીએમ કાર્ડ લઈ રૂ.૫,૦૦૦ ઉપાડી બાબુભાઈને આપ્યા હતા અને હજુ રૂ.૫૦૦૦ ઉપાડી લેજો તેમ કહી બાબુભાઈનું એટીએમ કાર્ડ બદલી ગઠીયાએ પોતાની પાસે રહેલું એટીએમ બાબુભાઈને પકડાવી દીધું હતું અને બાદમાં ફોન આવ્યો હોવાનું નાટક કરી વાત કરતો કરતો એટીએમમાંથી બહાર નીકળી ગયો હતો. બાબુભાઈ એટીએમમાં પૈસા ઉપાડવાની પ્રોસેસ કરતા હતા પરંતુ પૈસા ઉપડયા ન હતા અને તેમના મોબાઈલમાં મેસેજ આવવાનું શરૂ થઈ જતા બાબુભાઈએ મેસેજ જોતા તેમના ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા હોવાનું સામે આવતા બાબુભાઈ તાત્કાલિક બાજુમાં રહેલી બેંકમાં ગયા હતા અને જયા બેંક કર્મચારીને વાત કરતા બેન્ક કર્મચારીએ બાબુભાઈ ગોહેલના ખાતામાંથી રૂ. ૩૫૦૦૦ ઉપડી ગયા હોવાની અને તેમની સાથે છેતરપિંડી થયા જણાવ્યું હતું. જાણ થતાની સાથે જ બાબુભાઈ ગોહેલ ભક્તિનગર પોલીસ મથક ખાતે દોડી ગયા હતા અને રૂ.૩૫,૦૦૦ ઉપાડી લેનાર ગઠિયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ભક્તિનગર પોલીસ મથકના પોલીસ હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈ ગઢવી સહિત સ્ટાફે તપાસનો દોર લંબાવ્યો છે.

# મોરબી શહેરમાંથી અલગ અલગ બે સ્થળેથી બાઈક ચોરીનો ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી લેવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ બાઈક ચોરીની ફરિયાદમાં શનાળા રોડ ઉપરથી તેમજ આયુષ હોસ્પિટલ નજીકથી એમ બે અલગ અલગ સ્થળેથી બે બાઈકની ચોરી કરનાર કુલ ત્રણ આરોપીઓને મોરબી એ ડિવિઝન પોલીસે ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જેમાં પ્રથમ બાઈક ચોરી ઘટનાની મળતી વિગતમાં ગત તા.૧૭/૦૪ના રોજ ફરિયાદી મૂળ નસીતપર ગામના વતની હાલ રવાપર ધુનડા રોડ ઉપર તુલસીપત્ર એપાર્ટમેન્ટમાં રહેતા ઘનશ્યામભાઇ નરશીભાઇ સવસાણી ઉવ.૫૦નું હીરોહોન્ડા સ્પ્લેન્ડર પ્લસ બાઈક રજી.જીજે-૩૬-કે-૪૫૭૪ વાળું મોરબી શનાળા રોડ ઉમિયા સર્કલ નજીક આવેલ ગાંધીના ડેલા પાસેથી ચોરી કરી લઇ જનાર આરોપી અજયભાઈ બાલાભાઈ ચાડમીયા ઉવ.૨૫ રહે હાલ દલવાડી સર્કલ પાસે ઝુપડામા મોરબી મુળરહે પોલારપર ગામ જી.રાજકોટ, સનાભાઈ કરશનભાઈ ભુરીયા ઉવ.૫૫ રહે હાલ દલવાડી સર્કલ પાસે અમી પેલેસ સામે ઝુપડામા મોરબી મુળરહે ગાંગેડી ગામ જી.દાહોદને જયારે બીજી બાઈક ચોરીના પ્રકરણમાં ગત તા.૧૮/૦૪ના રોજ ફરિયાદી મોરબી માધાપર શેરી નં ૧૯માં રહેતા પીયુષભાઇ ચંદુલાલ પરમાર ઉવ.૩૩નું હીરોહોન્ડા સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૦૩-ડીએફ-૨૯૧૯ વાળું બાઈક મોરબી આયુષ હોસ્પિટલ નજીક પાર્ક કરેલ બાઈક ચોરનાર આરોપી પ્રકાશભાઇ ચંદુભાઇ નગવાડીયા ઉવ.૩૩ રહે.ચીખલી તા.માળીયા(મી)ને મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ઝડપી લઇ આગેકની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી રોડ પર જમના પાર્કમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



મોરબી રોડ ઉપર જકાતનાકા પાસે જમના પાર્ક શેરી નં.૧૧ના ખૂણા ઉપર જાહેરમાં જુગાર રમતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા ચાર શકુનીને ઝડપી લીધા હતા. અને પોલીસે જુગારના પટમાં રહેલી રૂ.૧૮,૩૦૦ ની રોકડ કબજે કરી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં મોરબી રોડ ઉપર જકાતનાકા પાસે આવેલા જમના પાર્ક શેરી નં.૧૧ ના ખૂણા ઉપર જાહેરમાં જુગાર રમતો હોવાની બાતમીના આધારે બી ડિવિઝન પોલીસ મથકની ટીમે દરોડો પાડયો હતો દરોડા દરમિયાન જુગાર રમતા ભરત રવજી દાદકીયા, અમિત અરજણ દાદકીયા, કિશોર ઉર્ફે કપિલ હરેશભાઈ અને સુરેશ મગન રાઠોડને ઝડપી લીધા હતા પોલીસે જુગારના પટમાં રહેલી રૂ.૧૮,૩૦૦ ની રોકડ અને ગંજી પાના કબજે કર્યા હતા. પોલીસે ઝડપાયેલા ચારેય આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્પામાં કામ કરતી યુવતીનું બેભાન થઈ જતા મોત

## નાનામૌવા રોડ પર ભાડાના મકાનમાં રહેતી મિઝોરમની ૩૧ વર્ષીય યુવતી પાંચ દિવસ પહેલાં વતનમાંથી આવી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાનામૌવા રોડ પર ભાડાના મકાનમાં રહેતી અને પાંચ દિવસ અગાઉ રાજકોટના સ્પામાં નોકરી માટે આવેલી ૩૧ વર્ષિય લાલરીનપુઈ જોકુગા નામની યુવતી ઘરે હતી ત્યારે બેભાન ઢળી પડતાં મોત નિપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ નાનામૌવા મેઈન રોડ પર આવેલી રાજનગર સોસાયટીમાં ઉમેશભાઈના મકાનમાં ભાડે થી રહેતી અને મૂળ મિઝોરમની વતની લાલરીનપુઈ જોકુગા (ઉં. વ.૩૧) નામની યુવતી ઘરે હતી ત્યારે બેભાન થઈ ઢળી પડી હતી.

તેણીને તાકીદે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા હાજર પુરના તબીબે મૃત જાહેર કરી હતી. ઘટના અંગે જાણ થતા માલવિયા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ અરુણ ચાવડા હોસ્પિટલે ઘસી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક યુવતી પાંચ દિવસ અગાઉ જ કિશાનપરા ચોક નજીક આવેલા ફેધર સ્પામાં નોકરી કરવા માટે આવી હતી. અને તેણીની તબિયત બે દિવસથી ખરાબ હોય જે બાદ અચાનક બેભાન થઈ ઢળી પડતાં યુવતીનું મોત નિપજ્યું હતું.

વધુમાં પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા માટે યુવતીના મૃતદેહનું પીએમ કરાવી જરૂરી તપાસ હાથ ધરી છે. તેમજ મિઝોરમ રહેતા તેણીના સગાસંબંધીને પણ બનાવ અંગે જાણ કરી હતી.

# શીતળાધારમાં ધંધાની હરિફાઈમાં યુવાન પર પાંચ શખ્સોનો હીચકારો હુમલો

## ઘવાયેલા યુવાનને સારવારમાં ખસેડાયોઃ આજી ડેમ પોલીસમાં સામસામે ફરિયાદ નોંધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કોઠારીયા સોલ્વન્ટ શીતળાધાર વિસ્તારમાં રહેતા યુવાન સાથે ત્રણ શખ્સોએ ધંધાકીય બાબતનો ખાર રાખી પાઈપ વડે હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો આ અંગે ઈજાગ્રસ્ત યુવાને ત્રણેય શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કોઠારીયા સોલ્વન્ટ શીતળાધાર વિસ્તારમાં રહેતો રહીમ બરકતઅલીભાઈ કોરડીયા નામનો ૩૨ વર્ષનો યુવાન ત્રણ દિવસ પૂર્વે રાત્રિના પોતાના ઘર પાસે હતો ત્યારે ધંધાકીય બાબતનો ખાર રાખી કલ્પેશ ગોસ્વામી અને દીક્ષિત ગોસ્વામી સહિતના ત્રણ શખ્સોએ ઝઘડો કરી બીભત્સ ગાળો ભાંડી હતી અને પાઈપ વડે માર માર્યો હતો હુમલામાં ઘવાયેલા રહીમભાઈ કોરડીયાને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફ દ્વારા આજીડેમ પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણ થતાંની સાથે જ આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

આ અંગે હુમલાખોર ત્રણેય શખ્સો વિરુદ્ધ ઈજાગ્રસ્ત રહીમભાઈ કોરડીયાએ આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે હેડ કોન્સ્ટેબલ ડી.જે. જાડેજા સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# ઠક્કરબાપા હરિજનવાસમાં પૈસાની લેતીદેતી મામલે યુવાન પર તલવાર વડે હુમલો

## યુવાને ત્રણ હુમલાખોર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ઠક્કરબાપા હરિજનવાસમાં રહેતા યુવક સાથે પૈસાની લેતી દેતીમાં ત્રણ શખ્સોએ ઝઘડો કરી ગાળો ભાંડી તલવાર અને છરી વડે હુમલો કર્યો હતો હુમલામાં ગંભીર રીતે થવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ઠક્કરબાપા હરિજનવાસમાં રહેતા મયુર ઉર્ફે ખોડો હમીરભાઈ શિંગાળા નામનો ૨૮ વર્ષનો યુવાન પોતાના ઘર પાસે હતો ત્યારે બાલા ભીમજી પરમાર, વિકાસ હરેશ પરમાર અને સાગર હરેશ પરમાર નામના ત્રણેય શખ્સોએ ઝઘડો કરી બીભસ્ત ગાળો ભાંડી તલવાર અને છરી વડે હુમલો કર્યો હતો હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો આ અંગે હુમલાખોર ત્રણેય શખ્સો વિરુદ્ધ ઇજાગ્રસ્ત મયુર ઉર્ફે ખોડો શિંગાળાએ પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી અને ફરિયાદમાં જણાવ્યું હતું કે હુમલાખોર બાલાભાઈ પરમાર ઇજાગ્રસ્ત મયુર શિંગાળા પાસે રૂપિયા માંગતા હતા જે રૂપિયા મુદ્દે ત્રણેય શખ્સોએ ઝઘડો કરી હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવવા અંગે પ્રદ્યુમનનગર પોલીસ મથકના પીએસઆઈ પી.કે. પઢિયાર સહિતના સ્ટાફે હુમલાખોર ત્રણેય શખ્સો વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.


ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ.મહિપતભાઈ કેશુભાઈ પરમાર
સ્વ.તા. ૨૨/૦૪/૨૦૨૧ ચૈત્ર સુદ-૧૦

ભાઈ અમારો તું... ભેરૂ અમારો તું... કુટુંબનો સધિયારો તું...
એક પલમાં છીનવાઈ ગયો તું... રહી ગયાં નોંધારા અમે સાવ એકલા
પ્રભુ આપના દિવ્યાત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

કેશુભાઈ હિરાભાઈ પરમાર ♦ મધુબેન કેશુભાઈ પરમાર
જીતુભાઈ કેશુભાઈ પરમાર ♦ ગીતાબેન જીતુભાઈ પરમાર
રાજ જીતુભાઈ પરમાર ♦ ધર્મિષ્ઠા જીતુભાઈ પરમાર
પ્રિયાબેન મહિપતભાઈ પરમાર
રૂતિકા મહિપતભાઈ પરમાર ♦ કિશવ મહિપતભાઈ પરમાર
પરમાર પરિવારના જય માતાજી